RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 13, Dt.27-03-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાત ભાજપમાં પક્ષપલ્ટુઓનો વટ, ૨૭% ઉમેદવારો મુળ કોંગ્રેસી



## 'ઘરના ઘંટી ચાટે અને પાડોશીઓને આંટો' જેવી સ્થિતિ ભાજપમાં: પક્ષના પાયાના હોદેદારો અને કાર્યકરો નારાજ: અનેક સ્થળોએ બળવાની સ્થિતિ: ૨૬માંથી ૭ બેઠકો પર ભાજપ નહીં પરંતુ કોંગ્રેસ V/S કોંગ્રેસનો જંગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો પર ભાજપે ઉમેદવાર જાહેર કરી દીધા છે. આ ૨૬ ઉમેદવારોમાંથી ભાજપના ૨૭ ટકા ઉમેદવારો મુળ કોંગ્રેસી કે પક્ષપલ્ટુ કે પછી એક યા બીજી રીતે કોંગ્રેસ પરિવાર સાથે નાતો રહ્યો છે. ભાજપમાં ૨૬માંથી ૭ ઉમેદવારોનો નાતો ભૂતકાળમાં કોંગ્રેસ પરિવાર સાથે રહ્યો છે. એક રીતે લોકસભાની સાત બેઠક ઉપર ભાજપ સામે કોંગ્રેસ નહિ પરંતુ કોંગ્રેસ સામે કોંગ્રેસ ચૂંટણી લડશે. બીજી તરફ પક્ષપલ્ટુઓનો દબદબો યથાવત રહ્યોછે. આ સાત ઉમેદવારોમાં શોભનાબહેન બારૈયા, ચંદુભાઇ શિહોરા, પ્રભુ વસાવા, દેવુસિંહ ચૌહાણ, ભરત ડાભી, વિનોદ ચાવડા અને પુનમ માડમ સામેલ છે.

સાબરકાંઠા બેઠક ઉપર ભાજપમાં શોભનાબેન બારૈયાની ટિકિટની લોટરી લાગી છે. આ ઉમેદવારના પતિ મહેન્દ્રસિંહ કોંગ્રેસ ધારાસભ્ય પદે રહી ચૂક્યા છે. વર્ષ ૨૦૧૨માં તેઓ પ્રાંતિજથી જીત્યા હતા એ પછી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં હારનો સ્વાદ ચાખવો પડયો હતો. એ પછી ઓગસ્ટ ૨૦૨૨માં ઉમેદવારના પતિ મહેન્દ્રસિંહ બારૈયાએ ભાજપમાં પ્રવેશ મેળવ્યો હતો. એક રીતે મુળ કોંગ્રેસી પરિવારમાંથી ટિકિટ મળી છે. સુરેન્દ્રનગરમાં ચંદુભાઇ શિહોરાને પણ લોટરી જ લાગી છે. તેઓ એક સમયે તાલુકા કોંગ્રેસના પ્રમુખ પદે હતા. સાંસદ પ્રભુ વસાવાને બારડોલીમાંથી ફરી એક વાર રીપિટ કરાયા છે. વસાવા વર્ષ ૨૦૧૨માં કોંગ્રેસના ધારાસભ્ય પદે ચૂંટાયા હતા એ પછી ૨૦૧૪માં પક્ષપલ્ટો કરી ભાજપ ભેગા થયા હતા. ખેડા લોકસભા બેઠક પર દેવુંસિંહ ચૌહાણ ફરી રિપિટ થયા છે. તેઓ પણ એક સમયે કોંગ્રેસમાં સક્રિય હતા. પાટણમાં ભરતસિંહ ડાભી રીપિટ થયા છે. તેઓ એક સમયે કોંગ્રેસમાં હતા. કચ્છના વિનોદ ચાવડા પણ કોંગ્રેસ સાથે હતા.

# જમ્મુ-કાશ્મીરમાંથી AFSPAએ હટાવાશે: અમિત શાહનું મહત્વનું નિવેદન

**મુખ્ય સમાચાર, શ્રીનગર**



કેન્દ્રીય ગૃહમંત્રી શાહે જમ્મુ-કાશ્મીરને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યુ છે કે કેન્દ્ર સરકાર આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ એટલે કે જમ્મુ કાશ્મીરમાં લાગુ AFSPA હટાવવા પર વિચાર કરી રહી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન ગૃહમંત્રી શાહે દાવો કર્યો હતો કે સરકાર કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને અહીંની કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસ પર છોડી દેવાની પણ યોજના બનાવી રહી છે.

શાહે કહ્યું છે કે સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસને સોંપવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે પહેલા જમ્મુ-કાશ્મીર પોલીસ પર ભરોસો ન હતો, પરંતુ આજે તેઓ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા છે. સાથે જ અમિત શાહે એમ પણ કહ્યું કે અમે AFSPA હટાવવા અંગે પણ વિચારીશું.

જમ્મુ અને કાશ્મીરમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના આરક્ષણ પર ગૃહ પ્રધાન શાહે કહ્યું કે મોદી સરકારે પહેલીવાર જમ્મુ અને કાશ્મીરના OBCને અનામત આપી છે. આ સિવાય મહિલાઓને એક તળતીયાંશ અનામત આપવામાં આવી છે. તેમણે કહ્યું કે પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત આપવામાં આવી હતી. અમે જઈ અને જઝ માટે જગ્યા બનાવી છે. ગુર્જરો અને બકરવાલોનો હિસ્સો ઘટાડ્યા વિના પહાડીઓને ૧૦ ટકા આરક્ષણ આપવામાં આવ્યું છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોને સમાવવા માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ લાભો પાયાના સ્તર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે.

લોકસભાની ચૂંટણી પછી, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોની તૈનાતીમાં આયોજિત ઘટાડો અને આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA)ને દૂર કરવા પર પણ વિચાર કરવામાં આવશે. હવે જમ્મુ-કાશ્મીર પોલીસ કાયદો અને વ્યવસ્થા અને આતંકવાદના મોરચે આગળ રહેશે. તે જ સમયે, સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંત સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની રચના કરવામાં આવશે અને આ પીએમ મોદીનું વચન છે. મોદીના વચનનો અર્થ પૂરો થવાની ગેરંટી છે.

લોકસભાની ચૂંટણી પછી, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોની તૈનાતીમાં આયોજિત ઘટાડો અને આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટને દૂર કરવા પર પણ વિચાર કરવામાં આવશે. હવે જમ્મુ-કાશ્મીર પોલીસ કાયદો અને વ્યવસ્થા અને આતંકવાદના મોરચે આગળ રહેશે.

તે જ સમયે, સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંત સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની રચના કરવામાં આવશે અને આ પીએમ મોદીનું વચન છે. મોદીના વચનનો અર્થ પૂરો થવાની ગેરંટી છે. હુર્રિયત કે પાકિસ્તાન સાથે વાતચીતનો કોઈ ઈરાદો નથી, કાશ્મીરના યુવાનો સાથે જ વાતચીત થશે.

# માર્ચ મહિનો પ્રમાણમાં ઠંડો રહ્યા બાદ હવે એક મહિનો ગરમી ભૂકકા બોલાવશે

## તાપમાન ૪૦ ડિગ્રીથી વધે તેવી સંભાવના: આવનારા ચાર સપ્તાહ કાળઝાળ તાપ પડશે: હવામાન ખાતાના રિપોર્ટમાં જણાવાયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ગુજરાત સહીતના દેશના અનેક રાજયોમાં ઉનાળાના આરંભે જ અગનવર્ષા સાથે હીટવેવની સ્થિતિ સર્જાવા લાગી છે.ત્યારે હવામાન ખાતાનાં રીપોર્ટમાં એમ કહેવાયુ છે કે માર્ચ મહિનો પ્રમાણમાં ઠંડો રહ્યો છે અને અગાઉ કરતા સરેરાશ તાપમાન નીચુ રહ્યું છે.

દેશમાં માર્ચનાં પ્રથમ ત્રણ સપ્તાહમાં સરેરાશ મહતમ તાપમાન ૨૯.૭૮ ડીગ્રી નોંધાયુ છે. જે ૧૯૮૧ થી ૨૦૧૦ ના વર્ષોની ૩૦.૮૨ ડીગ્રીની સરેરાશ કરતા એક ડીગ્રી નીચુ છે. આજ રીતે માર્ચનાં પ્રથમ ત્રણ સપ્તાહમાં ન્યુનતમ તાપમાન સરેરાશ ૧૬.૦૪ ડીગ્રી રહ્યું હતું જે અગાઉના ૧૬.૪૨ ડીગ્રી કરતા નીચુ છે આમ મહિનો પ્રમાણમાં ઠંડો રહ્યો છે.

રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે મોટાભાગનાં ઉતર તતા ઉતર પશ્ચિમી રાજયોમાં માર્ચનું તાપમાન સરેરાશ કરતા નીચુ રહ્યું હતું. હવામાન વિભાગે જોકે એમ કહ્યું છે કે ઉતર પૂર્વીય ક્ષેત્રોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહ્યું હતું.

છેલ્લા દાયકામાં પણ આ ક્ષેત્રોમાં વધુ ગરમીનો અનુભવ થયો હતો તેના પરથી સ્પષ્ટ થાય છે કે ઉંચા તાપમાનનો દોર હવે આગળ ચાલશે આવતા ચાર સપ્તાહ અર્થાત એક મહિના સુધી ઉતર-પશ્ચિમ ભારતમાં તાપમાન નોર્મલ કરતા વધુ રહેવાની સંભાવના છે.

એપ્રિલ અને મે માસમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને આંબી જાય તેવી શકયતાઓ હવામાન શાસ્ત્રીઓ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

# ભાજપે ૮૯ વર્તમાન સાંસદોની ટિકીટ કાપી: ૬૬ મહિલાઓને જંગમાં ઉતારી

## પક્ષ પલ્ટો કરી ભાજપમાં સામેલ થયેલાં આયાતી ઉમેદવારોને ટિકીટની લ્હાણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ભાજપે અત્યાર સુધીમાં લોકસભા ઉમેદવારોની ૬ યાદી જાહેર કરી છે જેમાં ૪૦૫ સીટો પર ઉમેદવારોની જાહેરાત કરી છે. જેમાં ભાજપે પોતાના ૮૯ વર્તમાન સાંસદોની ટીકીટ કાપી નાંખી છે.૧૧ નેતા એવા છે જેમણે કેટલાંક મહિના પહેલા જ સંસદ સભ્યપદેથી રાજીનામા આપ્યા છે.

કારણ કે તેમને વિધાનસભાની ચૂંટણી લડાવાઈ હતી અને એક સાંસદને હરીયાણાનાં પીએમ બનાવાયા છે. આ રીતે ભાજપે ગત ચૂંટણીમાં જીતેલા પોતાના ૧૦૧ સાંસદોને બદલી નાખ્યા છે. કેટલાંક સાંસદોની લોકસભાની સીટો પણ બદલાઈ ગઈ છે.

ભાજપે ત્યાર સુધીમાં ૬૬ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારી છે. પહેલી લીસ્ટમાં ૧૯૫ ઉમેદવારોમાં ૨૮ મહિલાઓ હતી બીજા ૭૫ ઉમેદવારોમાં ૧૫ મહિલાઓ ત્રીજા લીસ્ટમાં ૯ ઉમેદવારોમાં એકપણ મહિલા નહોતી, ચોથા લીસ્ટમાં ૧૫ માંથી ૨ મહિલા, પાંચમા લીસ્ટમાં ૧૧૧, ઉમેદવારોમાંથી ૨૦ મહિલાઓ, છઠ્ઠા લીસ્ટમાં એક મહિલા, ૭મા લીસ્ટમાં એક પણ મહિલા નથી.

ભાજપે દિલ્હીમાં ૭ સાંસદોમાંથી ૬ ની ટીકીટ કાપી નાખી દીધી છે. ઉતરાખંડમાં પાંચ સાંસદોમાંથી રની ટીકીટ કપાઈ ગઈ છે. રાજસ્થાનમાં ૮, આસામમાં ૫, ગુજરાતમાં ૧૫, ઝારખંડમાં ૧૧, ત્રિપુરામાં બે, હરીયાણામાં ૩, કર્ણાટકમાં ૧૨, ઓરીસ્સામાં ૪, બિહારમાં ૩ સાંસદોની ટીકીટ કપાઈ છે.

ભાજપની લીસ્ટ જોઈને એવુ લાગે કે ભાજપે અનેક વિવાદીત સાંસદોની ટીકીટ કાપી નાખી છે. જોકે લીસ્ટમાં ઘણા એવા નામો છે જે વિવાદીત તો રહ્યા છે પણ તેઓ વિપક્ષ પર હુમલાખોર રહ્યા છે. તેમની ભાજપમાં ટીકીટ યથાવત છે.ભાજપે મધ્યપ્રદેશમાં પ્રજ્ઞા ઠાકુર, દિલ્હીમાં રમેશ બિધૂડીની ટીકીટ કાપી છે. મહાત્મા ગાંધીને લઈને પ્રજ્ઞા ઠાકુરનાં નિવેદનથી ઘણો વિવાદ થયો હતો.આ ઉપરાંત મૈસુરનાં સાંસદ પ્રતાપસિંહ કર્ણાટકના નલીનકુમાર કતીલ, અનંતકુમાર હેગડેની પણ ટીકીટ કપાઈ છે.

# જૂન માસમાં રાજકોટ મહાપાલિકા એક અબજના બોન્ડ બહાર પાડશે

## સેબીમાં કરાયું એપ્લાય, પ્રથમવાર આયોજન: કેન્દ્ર સરકાર પ્રથમ વર્ષે વ્યાજ પર આપશે ૧૩ કરોડની સબસીડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**




મનપાની આર્થિક સ્થિતિમાં વધારો થયાનું ક્રેડીટ રેટીંગમાં સુધારો ના જણાય રહ્યું છે. મહાપાલિકાનું માંઈનસનું રેટીંગ સુધરીને ડબલ એ થતા ૧૦૦ કરોડના બોન્ડ બહાર પાડી શકાય તેવી આર્થિક સ્થિતિ થઈ હતી. રેટીંગ સુધારા સાથે રાજકોટ હવે વડોદરા મનપાની સમકક્ષ આવ્યું છે અને આગામી દિવસોમાં સુરત અને અમદાવાદ સાથે ડબલ એ પ્લસ થાય તે માટે પ્રયાસો થયા છે.

મનપા દ્વારા બાકી લેણામાંથી ૫૦ કરોડથી વધુની વસૂલાત કરવામાં આવી છે સાથો સાથ વર્ષભર વસૂલાત ઝુંબેશ ચલાવવામાં આવી હોવાથી ટેક્ષની આવકમાં પણ વધારો થયો છે.

જેના આધારે રેન્કિંગમાં સુધારો થયો છે. મહાપાલિકાનું રેટીંગ સુધરતા હવે બોન્ડ બહાર પાડી શકાશે. જે માટે મનપા સેબીમાં એપ્લાય થઇ ગયું છે. સંભવત જુનમાં બોન્ડ બહાર પાડવામાં આવશે.મહાપાલિકા દ્વારા કોરોના કાળ સમયે જ બોન્ડ બહાર પાડવા માટે તૈયારીઓ કરી લેવામાં આવી હતી પરંતુ રેટીંગ ડબલ એ માઈનસ હોવાથી વ્યાજ દર ઊંચો આવતા બોન્ડ કરતા લોન સસ્તી પડતા મનપા દ્વારા લોન લેવા ઉપર આધાર રખાયો હતો. બાદમાં સરકાર દ્વારા બોન્ડ બહાર પાડી આર્થિક વ્યવહારો સુધારવા માટે તાકિદ કરવામાં આવતા કમિશનર આનંદ પટેલે આવક વધે તે માટે સતત -યાસો ચાલુ રાખીને બાકી લેણા વસૂલાત કરવા ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું.

આ અંગે મ્યુનિ. કમિ. આનંદ પટેલે જણાવ્યું હતું કે, દેશની ક્રેડીટ રેન્કીંગ આપતી સંસ્થા ક્રિસ્ટલ દ્વારા મનપાના રેટીંગમાં સુધારો કરી એએ કરવામાં આવતા તંત્ર દ્વારા ૧૦૦ કરોડના બોન્ડ બહાર પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે. બોન્ડ મનપાને આર્થીક પગભર કરવા માટેનું સારૂ પગલુ ગણાવાય રહ્યું છે.

# ભાજપના દિગ્ગજ નેતાએ મમતા બેનર્જી પર કરી આપત્તિજનક ટિપ્પણી, તૃણમૂલના નેતાઓ લાલઘૂમ

## મમતા બેનરજીએ ગોવા અને ત્રિપુરામાં આપેલા નિવેદન મુદ્દે ભાજપ નેતાએ કરી વાંધાજનક ટિપ્પણી: તૃણમૂલે ભાજપ નેતાને મહિલા વિરોધી કહ્યા, કીર્તિ આઝાદે કહ્યું, ભાજપમાં નારી પ્રત્યે કોઈ સન્માન નથી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



લોકસસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે પશ્ચિમ બંગાળ (ઠયતર્િ ઇયક્ષલફ)માં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે આક્ષેપબાજી ચાલી રહી છે. ભાજપના નેતા દિલીપ ઘોષે તૃણમૂલના વડા અને મુખ્યમંત્રી મમતા બેનરજી પર આપત્તિજનક ટિપ્પણી કરી છે, તો સામે પક્ષે તૃણમૂલે પણ વળતો જવાબ આપ્યો છે. આ ઉપરાંત તૃણમૂલે ભાજપ નેતા વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ કરવાની પણ જાહેરાત કરી છે.

ભાજપ નેતા દિલીપ ઘોષે કીર્તિ આઝાદ પર આપેલા નિવેદનમાં મમતા બેનર્જીને પણ જોડી દીધા હતા. તેમણે કહ્યું કે, 'કીર્તિ આઝાદ દીદીનો હાથ પકડીને આવ્યા છે. તેમના પગ લડખડાઈ રહ્યા છે. આઝાદને પોતાના લોકો જ દૂર ધકેલી દેશે. તેમને બંગાળની પ્રજા ક્યારે ખદેડી નાખશે, તેનો અહેસાસ પણ નહીં થાય. બંગાળને પોતાનો ભત્રીજો જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે, 'મુખ્યમંત્રી (મમતા બેનરજી)એ ગોવામાં કહ્યું હતું કે, હું ગોવાની પુત્રી છું અને ત્રિપુરામાં કહ્યું હતું કે, હું ત્રિપુરાની પુત્રી છું. વાસ્તવમાં તેમણે પહેલા નિર્ણય કરવો જોઈએ કે, તેમના પિતા કોણ છે? કોઈની પણ પુત્રી બનવું યોગ્ય નથી.

દિલીપ ઘોષે મમતા બેનરજી પર વાંધાજનક ટિપ્પણી કરતા તૃણમૂલે ઘોષને મહિલા વિરોધી કહ્યા છે. પાર્ટીની નેતા સુષ્મિતા દેવે કહ્યું કે, ભાજપ મહિલાઓને નફરત કરે છે. અમે આ મામલે ચૂંટણી પંચમાં ફરિયાદ કરીશું. આ મામલે સુષ્મિતાએ રાષ્ટ્રીય મહિલા પંચને પણ આડે હાથ લીધી છે. તેમણે કહ્યું કે, મહિલા પંચ આ મામલે ચુપ કેમ છે?

આ ઘટનાના વિવાદ વચ્ચે કીર્તિ આઝાદે કહ્યું કે, 'આવા નિવેદનોના કારણે ભાજપની માનસિકતા ઉજાગર થઈ રહી છે. તેઓ નારી શક્તિનું અપમાન કરે છે. ભાજપના મનમાં નારી પ્રત્યે કોઈપણ સન્માન નથી. આ લોકો માતા કાળી, માતા દુર્ગાનું પણ સન્માન કરતા નથી. આ લોકો દીદીનું પણ સન્માન કરતા નથી. તેમનો બહિષ્કાર થવો જોઈએ. આ લોકોનું માનસિક સંતુલન બગડી ગયું છે.'

# KYC વગરના ફાસ્ટેગ ૧ એપ્રિલથી બંધ થઈ જશે: ફાસ્ટટેગમાં બેલેન્સ હોવા છતાં ચૂકવણી કરવામાં આવશે નહીં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




જો તમે બેંકમાંથી તમારી કારના ફાસ્ટેગનું KYC અપડેટ કર્યું નથી, તો આજે જ કરાવી લો. કારણ કે ૩૧ માર્ચ પછી, બેંકો KYC વિના ફાસ્ટેગને નિષ્ક્રિય અથવા બ્લેકલિસ્ટ કરશે. આ પછી, ફાસ્ટેગમાં બેલેન્સ હોવા છતાં ચુકવણી કરવામાં આવશે નહીં.

NHAIએ ફાસ્ટેગ ગ્રાહકોને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિયમો અનુસાર ફાસ્ટેગ માટે KYC પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવ્યું છે, જેથી કરીને કોઈપણ મુશ્કેલી વિના ફાસ્ટેગ સુવિધા પૂરી પાડી શકાય.

ગ્રાહકો હવે એક વાહનમાં માત્ર એક જ ફાસ્ટેગનો ઉપયોગ કરી શકશે. NHAI અનુસાર, ફાસ્ટેગ યુઝર્સે 'એક વાહન, એક ફાસ્ટેગ' નીતિને અનુસરવી પડશે અને અગાઉ જારી કરાયેલા તમામ ફાસ્ટેગને તેમની સંબંધિત બેંકોને પરત કરવા પડશે. હવે માત્ર નવા ફાસ્ટેગ એકાઉન્ટ જ એક્ટિવ રહેશે.

NHAIએ પારદર્શિતા લાવવા અને ફાસ્ટેગ દ્વારા ટોલ વસૂલવા માટે ટોલ પ્લાઝા પર રાહ જોવાનો સમય ઘટાડવા માટે 'એક વાહન, એક ફાસ્ટેગ' ઝુંબેશ શરૂ કરી છે. એક વાહન માટે બહુવિધ ફાસ્ટેગ જારી કરવાના તાજેતરના અહેવાલોના જવાબમાં NHAIએ આ પહેલ કરી હોવાનું કહેવાય છે અને RBIના નિયમોનું ઉલ્લંઘન કરીને ઊંઢી વગર ફાસ્ટેગ જારી કરવામાં આવે છે.

ફાસ્ટેગ એ એક પ્રકારનું ટેગ અથવા સ્ટીકર છે. તે વાહનની વિન્ડસ્ક્રીન પર લગાવવામાં આવે છે. ફાસ્ટેગ રેડિયો ફ્રીક્વન્સી આઇડેન્ટિફિકેશન અથવા RFID ટેક્નોલોજી પર કામ કરે છે. આ ટેક્નોલોજી દ્વારા ટોલ પ્લાઝા પર લગાવવામાં આવેલા કેમેરા સ્ટીકરના બાર કોડને સ્કેન કરે છે અને ફાસ્ટેગ વોલેટમાંથી ટોલ ફી આપમેળે કપાઈ જાય છે.

ફાસ્ટેગનો ઉપયોગ કરીને ડ્રાઇવરે ટોલ ટેક્સ ભરવા માટે રોકાવું પડતું નથી. તેનો ઉપયોગ ટોલ પ્લાઝા પર લાગતો સમય ઘટાડવા અને મુસાફરીને સરળ બનાવવા માટે થાય છે.

તમે દેશના કોઈપણ ટોલ પ્લાઝા પરથી ફાસ્ટેગ ખરીદી શકો છો. આ સિવાય તમે તેને એક્સિસ બેંક, ICICI બેંક, HDFC બેંક, SBI, કોટક બેંકની શાખાઓમાંથી પણ ખરીદી શકો છો. તમે તેને Paytm, Amazon, Google Pay જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પરથી પણ ખરીદી શકો છો. તમે તમારા ફાસ્ટેગ એકાઉન્ટને આ એપ સાથે લિંક કરીને પેમેન્ટ પણ કરી શકો છો.

જો તમે ઇચ્છો, તો તમે તમારા બેંક એકાઉન્ટને આ એપ સાથે લિંક કરી શકો છો. આ સાથે, જ્યારે પણ તમે કોઈપણ ટોલ પ્લાઝા પરથી પસાર થશો, ત્યારે તમારા ખાતામાંથી ટોલ ટેક્સ કાપવામાં આવશે. ફાસ્ટેગ ખરીદતી વખતે તમારી પાસે આઈડી પ્રૂફ અને વાહન નોંધણી દસ્તાવેજ હોવો જરૂરી છે.

એકવાર ખરીદેલ ફાસ્ટેગ સ્ટીકર ૫ વર્ષ માટે માન્ય છે. એટલે કે ૫ વર્ષ પછી તમારે સ્ટીકર બદલવું પડશે અથવા તેની વેલિડિટી વધારવી પડશે.

# જામનગરમાં જુદા જુદા વિસ્તારમાં દારૂના નવ દરોડા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જુદા જુદા વિસ્તારમાં પોલીસે અંગ્રેજી શરાબ પકડવા પાડેલા નવ દરોડામાં દારૂની એકસઠ બોટલ, છ બોટલ વોડકા, ત્રીસ ચપલા તથા બીયરના બે ટીન સાથે નવ શખ્સ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્કૂટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.



જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા પટેલ પાર્ક નજીકના જડેશ્વર મહાદેવ મંદિર પાસે રહેતા એક શખ્સના મકાનમાં દારૂની બોટલ પડી હોવાની બાતમી પરથી સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે જડેશ્વર રેસીડેન્સીના બ્લોક નં.બી, ફ્લેટ નં.૩૦૧માં દરોડો પાડતા હરીશ મનસુખભાઈ પોપટ નામના શખ્સના આ ફ્લેટમાંથી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે બોટલ કબજે કરી હરીશ પોપટની ધરપકડ કરી છે.જામનગર રાજકોટ ધોરી માર્ગ પર હાપા નજીક આવેલા બાઈકના એક શો-રૂમ પાસેથી પસાર થઈ રહેલા હાપાની રેલવે કોલોનીવાળા સોહિલ સુલતાન ખીરા નામના શખ્સના જીજે-૧૦-ડીકે ૩૭૫૯ નંબરનું એકસેસ સ્કૂટર એલસીબીના સ્ટાફે બાતમીના આધારે રોકાવી તલાશી લેતા તેના કબજામાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૩૦ બોટલ મળી આવી હતી. એલસીબીએ તેનું સ્કૂટર તથા રૂા.૧૨ હજારનો દારૂ કબજે કર્યો છે.જામનગર નજીકના દરેડમાં વાછરાડાડાના મંદિર પાસેથી જઈ રહેલા ગોકુલનગરના રડાર ગેઈટ પાસેના ખોડીયારનગરમાં રહેતા મયુર જયંતીભાઈ ડાભી નામના શખ્સને પેટ્રોલિંગમાં રહેલી પોલીસે શકના આધારે રોકાવી તેની તલાશી લેતા આ શખ્સના કબજામાંથી અંગ્રેજી શરાબની ત્રણ બોટલ મળી આવી હતી.જામનગરના અંધાશ્રમ પાછળ આવેલી બોમ્બે દવા બજાર કોલોનીના એક ક્વાર્ટરમાં દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે ક્વાર્ટર નં.૯૧માં દરોડો પાડ્યો હતો. મેહુલગીરી શિવગીરી ગોસ્વામી નામના શખ્સના કવાર્ટરમાંથી ત્યાંથી વોડકાની છ બોટલ તથા દારૂના ત્રીસ ચપલા પોલીસે બોટલ કબજે કરી મેહુલગીરીની ધરપકડ કરી છે.જામનગરના રણજીત સાગર રોડ પર આવેલી ગોકુલ દર્શન સોસાયટીના દરવાજા પાસે દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી મળતા સિટી એ ડિવિઝનના સ્ટાફે વોચ ગોઠવી હતી. જેમાં રાજેશ જેઠાલાલ મંગે ઉર્ફે રાજા ખિસકે નામનો શખ્સ અંગ્રેજી શરાબની ૨૪ બોટલ સાથે મળી આવ્યો હતો. આ શખ્સની પૂછપરછ હાથ ધરાતા તેણે આ જથ્થો હાપાના સુનિલ બારૈયા પાસેથી લીધો હોવાની કબુલાત આપી છે.જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં આવેલી શાક માર્કેટ પાસે સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે વોચ રાખતા ત્યાંથી રમીઝ મોહમ્મદ ગોરી નામનો શખ્સ જીજે-૧૦-સીએમ ૩૩૪૫ નંબરના સ્કૂટરમાં પસાર થયો હતો તેને શકના આધારે રોકાવી પોલીસે તલાસી લેતા આ શખ્સના કબજામાંથી દારૂની ૨૨ બોટલ મળી આવી હતી. પોલીસે બોટલ તથા સ્કુટર કબજે કરી રમીઝ ગોરીની પૂછપરછ કરતા તેણે આ જથ્થો વામ્બે આવાસ વાળા રવિ દુદાસ પાસેથી લીધો હોવાનું કબૂલ્યું છે.જામનગર નજીકના દરેડના બસ સ્ટેન્ડ પાસેથી અલ્પેશ દિનેશભાઈ ત્રિવેદી નામનો શખ્સ દારૂની બે બોટલ સાથે ઝડપાઈ ગયો છે.

જામનગર-ખંભાળિયા માર્ગ પર વસઈની ગોળાઈમાંથી જઈ રહેલા નઝીમ ઓસમાણ થૈયમ ઉર્ફે રઝાક સંધી નામના વસઈ ગામના શખ્સને રોકી પોલીસે ચેક કરતા તેના કબજામાંથી બીયરના બે ટીન મળી આવ્યા હતા.જામનગર નજીક આવેલા હાપામાંથી સ્કૂટર પર જતા પારસ સુભાષભાઈ માજુશા નામના શખ્સના કબજામાંથી પોલીસે દારૂની બે બોટલ કબજે કરી છે.દરેડના વિશાલ ચોકમાંથી કિશન દિલીપભાઈ દામા નામનો શખ્સ દારૂની બોટલ સાથે મળી આવ્યો હતો.

# શેરબજારમાં ડબલની લાલચ આપીને છેતરપિંડી કરનારા રાજસ્થાનીને ઝડપી લેતી દ્વારકા સાયબર ક્રાઈમ

**મુખ્ય સમાચાર, જામનગર**



દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઇમ સેલ વિભાગ દ્વારા નક્કર કામગીરી કરી, રાજસ્થાની શખ્સને દબોચી લેવામાં આવ્યો.છેલ્લા ઘણા સમયથી આભને આંબતી શેરબજારની તેજીથી લોકો પ્રભાવિત બન્યા છે. ત્યારે શેર બજારમાં ટ્રેડિંગ તેમજ ઇન્વેસ્ટમેન્ટ કરી અને મહત્તમ લાભ લેવા લોકોની મહેચ્છા સામે દ્વારા ફેસબુક તેમજ ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ સાઈટમાં ફેક આઈ.ડી. બનાવી, અને છેતરામણી જાહેરાતોથી લોકો સાથે ફ્રોડ કરતા હોવાના અનેક બનાવો ખુલવા પામ્યા છે.દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ તાજેતરમાં બનેલા આ પ્રકારના બનાવના અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઇમ સેલ વિભાગ દ્વારા નક્કર કામગીરી કરી, રાજસ્થાની શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સાયબર ફ્રોડ તેમજ શેરબજારની જાહેરાતોમાં ફસાયેલા લોકોની રજૂઆતોને ધ્યાને લઈને જિલ્લા સાયબર ક્રાઇમ વિભાગના પી.આઈ. પી.પી. બ્રહ્મભટ્ટને આપવામાં આવેલી સૂચના અંતર્ગત આ અંગે સાયબર સેલની ટીમ દ્વારા મોનીટરિંગ કરી તેમજ ટેકનીકલ સર્વેલન્સ ના આધારે વર્ક આઉટ કરી અને રાજસ્થાન રાજ્યના ટોંક જિલ્લાના ઉનિયારા તાલુકામાં રહેતા અને ટ્રેડિંગનો વ્યવસાય કરતા ધર્મરાજ સ્યોરાજ મીણા નામના ૨૪ વર્ષના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો.આ શખ્સ સામે દ્વારકા તાલુકાના મીઠાપુર પોલીસ સ્ટેશનમાં સુનિયોજિત રીતે ઓનલાઇન છેતરપિંડી આચરવા સબબ જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.ઝડપાયેલા આ શખ્સની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતા તેણે ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કર્યા બાદ રાજસ્થાનના જુંડવા ગામ ખાતે રહી અને ટ્રેડિંગ ટિપ્સનું કામ કરવા તેના દ્વારા ટેલિગ્રામ પર સન વર્લ્ડ ટ્રેડર્સ નામની ચેનલ બનાવી અને ફરિયાદીને ટેલિગ્રામ ચેનલની લીંક મોકલી અને પોતે આદિત્ય ટ્રેડિંગ કંપનીનો એમ્પ્લોય હોવાનું જણાવી, આ કંપનીનું ફેક આઈ કાર્ડ મોકલી અને ઇન્વેસ્ટમેન્ટ કરવાનું જણાવી તેના રોકાણ સામે ડબલ પ્રોફિટ આપવાની વાત કહી, તેના દ્વારા રૂ. ૮૯,૫૧૦ ની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું વધુમાં ખુલવા પામ્યું છે.આ સમગ્ર કાર્યવાહી જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસ મથકના પી.આઈ. પી.પી. બ્રહ્મભટ્ટ, પી.એસ.આઈ. સુનિલભાઈ કાંબલીયા એન.એસ. ગોહિલ, પી.જે. ખાંટ, મુકેશભાઈ કેસરિયા, હેમંતભાઈ કરમુર, પબુભાઈ ગઢવી, હેભાભાઈ ચાવડા તથા અશ્વિનભાઈ પરમાર દ્વારા કરવામાં આવી હતી.જિલ્લા પોલીસ વડા દ્વારા આમ જનતાને અપીલ.હાલના સમયમાં શેર બજાર કે અન્ય જગ્યાએ રોકાણ કરતા પહેલા રોકાણ પ્લેટફોર્મની ખરાઈ કરીને જ રોકાણ કરવું. રોકાણ કરતા પહેલા સેબી રજીસ્ટર્ડ એડવાઈઝરની યોગ્ય સલાહ લેવી. ઈન્સ્ટાગ્રામ, ફેસબૂક, ટેલીગ્રામ વિગેરે પર શેરબજારમાં રોકાણ માટે અપાતી લોભામણી જાહેરાતોથી દૂર રહેવું અને શેરબજારમાં હંમેશા પોતાની બચત કરતા મર્યાદિત પ્રમાણમાં જ રોકાણ કરવું. જરૂર જણાય તો રૂબરૂ જઈને જે-તે ઓફિસ ખાતેથી માહિતી મેળવવી. ગૂગલ સર્ચ ઉપરથી મેળવેલા કોઈ પણ કસ્ટમર કેર નંબર ઉપર વિશ્વાસ કરવો નહીં. આ રીતે વિવિધ પ્રકારે લોકોને સાવચેતી કેળવવા દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

# જામનગર જુના રેલવે સ્ટેશન પાસે એકી સાથે ચાર દુકાનમાં તસ્કરોનો હાથફેરો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જુના રેલવે સ્ટેશન પાસે એકી સાથે ચાર દુકાનમાં તસ્કરોનો હાથફેરો.૪ દુકાનના સામટી ચોરી , ચોર સીસીટીવીમાં કેદ જામનગર : શહેરના જુના રેલવે સ્ટેશન પાસે આવેલ દુકાનો પૈકી ચાર દુકાનને એકી સાથે ટાર્ગેટ બનાવી ચોર ખાબક્યા , એક ચોર સીસીટીવી કેમેરામાં કેદ થયો , તસ્કરની ભાળ મેળવવા સીટી બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી હતી.

# ઉપલેટા તાલુકામાં ગેસ સિલિન્ડર પર ચૂંટણીલક્ષી સ્ટીકર્સ લગાવીને મતદાન જાગૃતિનો સંદેશો અપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા. ૭ મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી યોજાવાની જાહેરાત થઈ ચૂકી છે. જે અન્વયે ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઇલેક્ટ્રોલ પાર્ટીશીપેશન) ઝુંબેશ અંતર્ગત મતદાન અંગે જનજાગૃતિ ફેલાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. જેમાં જાગૃતિ કાર્યક્રમ, સેલ્ફી પોઇન્ટ, કોલેજ કેમ્પસ બ્રાન્ડ એમ્બેસેડર, ફ્લેશ મોબ સહિતની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.



જેના ભાગરૂપે ૭૫ - ધોરાજી વિધાનસભા મતદાર વિભાગ અંતર્ગત ઉપલેટા મામલતદાર કચેરીના માર્ગદર્શન મુજબ ઉપલેટા તાલુકામાં એલ.પી.જી. ગેસની એજન્સી ઇન્ડેનના ગોડાઉનમાં તમામ સિલિન્ડરમાં મતદાનની જાગૃતિનાં સ્ટીકર લગાવવા આવ્યાં છે. જેમાં ચૂંટણીલક્ષી 'ખરેખર ચેક કરી લીધું? બરાબર છે ને?' જેવા સૂત્રો સહિતની વિગતો આપવામાં આવી છે. આમ, ગેસ સિલિન્ડર પર મતદાન જાગૃતિના સ્ટીકર લગાવીને મહિલાઓને મતદાન માટે જાગૃત કરવામાં આવી રહ્યાં છે.

# રાજકોટના ૬૮ પૂર્વ-વિધાનસભા વિસ્તારમાં ચૂંટણીને દૂષિત કરનારા પરિબળોની કરાઈ હોળી

## પેમ્ફલેટ્સના દહન સાથે અચૂક મતદાન કરવા-કરાવવા નાગરિકો પ્રતિબદ્ધ થયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે, ત્યારે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. એટલું જ નહીં, ચૂંટણીને દૂષિત કરતા પરિબળોને ઓળખીને તેનું આ વખતે હોળી પર્વમાં દહન કરીને લોકજાગૃતિનો નવતર પ્રયાસ કરવામાં આવ્યો છે.

૬૮-રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં આવી જ રીતે ચૂંટણીના અનિષ્ટોનું દહન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૪મી માર્ચે પોપટપરા, વેર હાઉસ નજીક, બી.એલ.ઓ. ૧૦થી ૧૯ તેમજ ઝોનલ રૂટ નં.૨ની ઉપસ્થિતિમાં હોલિકા દહન અંતર્ગત સ્વીપ ''મતદાન જાગૃતિ'' કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ તકે લોભ, લાલચ, હિંસા, અનૈતિક તત્ત્વો, બળ પ્રયોગ, કેફી દ્રવ્યો, ભ્રષ્ટાચાર, આળસના પેમ્ફલેટ્સનું નાગરિકોએ પ્રતીક દહન કર્યું હતું. આ સાથે કોઈપણ પ્રલોભન વિના આગામી લોકસભા સામાન્ય ચૂંટણીમાં ફરજિયાત મતદાન કરવાના શપથ લીધા હતા, તેમજ કુંટુંબ તથા મિત્રો ને પણ ફરજિયાત મતદાન કરાવવા સૌ પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા.

આ ઉપરાંત આર્યનગર પેડક રોડ ઝોનલ રૂટ નં ૧૨ના ઝોનલશ્રી દ્વારા પણ આવો જ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પણ નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને મતદાન કરવા તથા કરાવવા માટે સૌએ પ્રતિજ્ઞા લીધી હતી. જ્યારે રાજા રામ સોસાયટીમાં યોજાયેલા કાર્યક્રમમાં મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહી હતી અને ચૂંટણીમાં મતદાન કરીને લોકશાહીના પર્વને ગર્વ સાથે ઉજવવાની ભાવના વ્યક્ત કરી હતી.

# જસદણમાં મતદાન જાગૃતિ અર્થે હોળી દહન સ્થળે 'અવસર લોકશાહીનો' લોગો ધરાવતા ટીશર્ટનું વિતરણ કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ જિલ્લામાં લોકશાહીના પર્વ સમાન લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪નું મતદાન તા. સાતમી મેના રોજ યોજાનાર છે. જેમાં મહત્તમ મતદારો મતાધિકાર ભોગવીને ચૂંટણીમાં સહભાગી બને, તે માટે ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.

જેના ભાગરૂપે ૭૨ - જસદણ વિધાનસભા મતદાર વિભાગમાં સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઇલેક્ટ્રોલ પાર્ટીશીપેશન) અંતર્ગત મતદાર સાક્ષરતા / જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સૌથી જૂના હોળીકાદહન સ્થળે મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવા અને તેમની ટીમ દ્વારા હોળીના તહેવાર પરથી પ્રેરણા લઇને લોભ-લાલચ જેવા દુષણોથી દૂર રહીને મતદાન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, આયોજકો અને જરૂરિયાતમંદ લોકોને 'અવસર લોકશાહીનો' લોગોની છાપ ધરાવતા ટીશર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અચૂક મતદાન કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# મોરબી બાર એસોસીએશન દ્વારા ડિસ્ટ્રિક્ટકોર્ટ ન્યાયધીશ પી.સી.જોશીના વિદાય સમારોહનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટ જજ પી.સી.જોશી સાહેબની પોરબંદર ખાતે બદલી થતા મોરબી બાર એસોસિએશન તરફથી વિદાય સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




મોરબી બાર એસો.ની પ્રેસયાદીમાં જણાવ્યા અનુસાર આજરોજ મોરબી ડિસ્ટ્રી.એન્ડ સેસન્સ જજ પી.સી.જોશીસાહેબની પોરબંદર મુકામે બદલી થયેલ હોય તેથી મોરબી વકીલ મંડળના પ્રમુખ દિલીપભાઈ અગેચાણીયા તથા તમામ હોદેદારો દ્વારા વકીલ મંડળના રૂમમાં વિદાય-પાર્ટીનુ ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું અને મોરબી વકીલ મંડળના પ્રમુખ દિલીપભાઈ અગેચાણીયા, ઉપ્રપમુખ ટી.બી.દોશી, સેક્રેટરી વી.વી.શેરશીયા, જોઈન્ટ સેક્રેટરી યુ.આર.જાડેજા, કારોબારી સભ્યો એસ.આર.પટેલ, કે.ડી.પરમાર, બી.એન. ઝાલા તથા મોરબી બારના સીનીયર એક્વોકેટ દ્વારા જજસાહેબને શ્રીફળ તથા મોમેન્ટો આપી વિદાય પાર્ટીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મોરબી જીલ્લાના તમામ જજ સાહેબ, મોરબી બારના તમામ સરકારી વકીલ તથા મોરબી બારના તમામ સીનીયર એડવોકેટ તથા મોરબી બારના તમામ વકીલો તથા પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## બેસણું




મોરબી : ઠા. હર્ષદભાઈ ધીરજલાલ રાજા(રાજા મેડિકલ સ્ટોર વાળા) (ઉ.વ.૬૭) તે શ્રી.ઠા.સ્વ. ધીરજલાલ દેવશીભાઇ રાજાના સુપુત્ર તથા મહેશભાઈ રાજા(લોહાણા મહાજન), હિમાંશુભાઈ રાજા(જામનગર), ડો. સતિષભાઈ રાજા(વેરાવળ) તથા સ્વ. સુધાબેન યાજ્ઞિકભાઈ વિઠ્ઠલાણી(કેશોદ વાળા) ના ભાઈ તેમજ ચી. ટ્વિંકલ ખેતાણી(રાજકોટ) તથા ચી.રીના સંઘાણીના પિતાશ્રી તથા હેમાંગકુમાર ખેતાણી (રાજકોટ) તથા કમલેશકુમાર સંઘાણીના સસરા તે વાંકાનેર વાળા ભાઈલાલભાઈ પેંડાવાળા ના જમાઈ નું તા.૨૪ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા સ્વસુર પક્ષની સાદડી તા.૨૮ ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬ વાગ્યા સુધી શ્રી લોહાણા વિદ્યાર્થી ભુવન, વસંત પ્લોટ મોરબી રાખેલ છે.

# મોરબીની રાજારામ સોસાયટીમાં બંગડીના કારખાનામાંથી ₹૬૫,૦૦૦ ના માલની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે મોરબી રોડ પર નાની ફાટક પાસે આવેલ રાજલક્ષ્મી સોસાયટી શેરી નંબર ૫ માં રહેતા અને સામા કાંઠે સંત કબીર રોડ પર રાજારામ સોસાયટી શેરી નંબર ત્રણમાં બંગડીનું કારખાનું ચલાવતા રાકેશભાઈ રાજેન્દ્રભાઈ મોસમીયા નામના વેપારીએ થોરડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે કોઈ અજાણ્યા શખ્સોએ તેના બંધ કારખાનામાં પ્રવેશ કરી અલગ અલગ ડિઝાઇનની બંગડીઓ ભરેલા ૩૦૨ બોક્સ કિંમત રૂપિયા ૬૫૨૨૦ નો માલ સામાન ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે થોરડા પોલીસ મથકના પી.એસ.આઇ એમ.એસ મહેશ્વરીએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે

# મોરબીમાં પત્ની પ્રેમી સાથે ભાગી જતા પતિએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર ગામે રહેતી પરણિત મહિલા તેના પરપ્રાંતીય પ્રેમી સાથે ભાગી જતા પતિ દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં પત્ની લાપતા થયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમસુધા નોંધ કરી શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના રફાળેશ્વર ગામમાં આવેલ સોનલ સોસાયટી મફતીયાપરામાં રહેતા વિશાલભાઇ ભુપતભાઇ પરમાર ઉવ-૨૯એ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે તેમની પત્નિ ભાવનાબેન ઉવ-૨૫ વાળી ગઇકાલ તા.૨૫ માર્ચ ૨૦૨૪ના બપોરના આશરે ૧૧:૫૪ વાગ્યા થી બપોરના આશરે ૧:૩૦ વાગ્યાના સમય દરમ્યાન પોતાના ઘરેથી તેનો પ્રેમી કે જે મૂળ મધ્યપ્રદેશનો વતની હાલ પાનેલીરોડ સોનાટા સિરામીકમાં રહેતા લવકુશ મોબાઈલ નં.૮૪૬૯૭-૮૪૩૫૫ નામના હિંદીભાષી સાથે ભાગી જતા ગુમ થયા બાબતની ફરિયાદ નોંધાવતા મોરબી તાલુકા પોલીસે ગુમસુધા નોંધ કરી અલગ અલગ દિશામાં તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં ગ્લોબલ ફૂટબોલ પ્રીમિયર લીગ સ્પર્ધા સંપન્ન




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલ દ્વારા ૨ દિવસીય પગ્લોબલ ફૂટબોલ પ્રીમિયર લીગથ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૭ ટીમોએ ભાગ લઇ પુરા જોશ-જુસ્સાથી બાળકોએ ફૂટબોલની રમતમાં અદભુત પ્રદર્શન દેખાડ્યું હતું.

મોરબીઃખેલો ભારતના સ્વપનને ધગધગતું રાખતા, પ્રગતિશીલ મોરબીના આંગણે સર્વપ્રથમ વખત ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલ દ્વારા ગ્લોબલ ફૂટબોલ પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિયોગીતામાં સૌરાષ્ટ્રની અલગ અલગ એવી ૧૭ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાળકોનું અદભૂત પ્રદર્શન જોઈને હર્ષોલ્લાસની લાગણી અનુભવતા ઉપસ્થિત વાલીગણ તેમજ પધારેલ અતિથિઓએ બાળકોનો જુસ્સો, ઉત્સાહ તેમજ ફૂટબોલ રમત પ્રત્યેની એમની સમજ નિહાળી ગર્વિત થયા હતા.

બે દિવસીય ફૂટબોલ પ્રતિયોગિતાના મુખ્ય અતિથિ તરીકે મોરબી જીલ્લા ફૂટબોલ એસોસીએશન પ્રમુખ દેવેનભાઈ રબારી તથા બાળકોને રમત માટેની તમામ પ્રકારની સગવડ આપતા ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલના ટ્રસ્ટ્રી હાર્દિકભાઈ પાડલીયા તેમજ શ્રીમતી પૂજાબેન પાડલીયા તેમના સાથે જ નેગ્સ અને નેપ્સ, ગ્રીન વેલી ઇન્ટરનેશનલ સ્કૂલ તથા મહર્ષિ ગુરુકુળના પ્રિન્સિપાલ પણ ખાસ હાજર રહ્યા હતા અને આ સમગ્ર સ્પર્ધાને એક અલગ ઉત્સાહ આપ્યો હતો.

આ તકે ન્યૂ એરા સ્કૂલના હાર્દિકભાઈ પાડલીયા દ્વારા જણાવ્યું હતું કે મોરબી શહેરમાં આવી જ અવનવી હરિફાઈનું ભાગીદાર બને અને આગામી આવનાર દિવસોમાં આવી જ રીતે બાળકોને દરેક રમત બાબતે પ્રોત્સાહન મળતું રહે તે માટે ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલ સતત પ્રયત્નશીલ રહેશે.

# સામાકાંઠે વાહન અથડાવવા જેવી નજીવી બાબતે કારખાનેદાર સહિત ત્રણ ઉપર હુમલો

## સ્કોર્પિયો કારમાં આવેલા ભરવાડ શખ્સોએ ફીલ્મી ઢબે હુમલો કરી મોબાઈલ તોડી નાંખ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર આવેલી હરસિધ્ધિ સોસાયટીમાં વાહન અથડાવવા જેવી નજીવી બાબતે કરખાનેદાર અને તેના બે કર્મચારીઓ ઉપર સાત શખ્સોએ હુમલો કરી સ્કોર્પિયો કાર નીચે કારખાનેદારને કચડી નાખવાનો પ્રયાસ કરતાં આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ પર વૃદાવદં વિલામાં રહેતા અને કુવાડવા રોડ પર હરસિધ્ધિ સોસાયટીમાં ગુદેવ મેટલ નામે ઈમિટેશનનું કારખાનું ચલાવતા મહેશભાઈ લાલજીભાઇ ખોયાણીએ બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં શૈલેષ રાજાભાઈ ગમારા, રતન ઉર્ફે રતો અને અન્ય પાંચ અજાણ્યા મળી સાત સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું કે, તેમના કારખાનામાં કામ કરતાં મહમદં શરીફ હાસમીન અને શબ્બીરઅલી શૈકતઅલી હાસમીન સાથે કારખાના પાસે વાહન અથડાવવા બાબતે માથાકૂટ થઈ હોય ભાગીદાર કૈલાશભાઈ પીપળીયા એ ફોન કરતાં મહેશભાઈ કારખાને દોડી ગયા હતા. ત્યારે કાળા કલરની સ્કોર્પીયોમાં આવેલ શૈલેષ ગમારાએ ફિલ્મી સ્ટાઈલથી કાર ચલાવી બાબુભાઈ મકવાણાના એકટિવાને હડફેટે લીધું અને પોતના ઉપર સ્કોર્પીયો ચડાવી દેવાન પ્રયાસ કર્યો હતો. સ્કોર્પિયોમાં આવેલ શૈલેષ રાજાભાઈ ગમારા, રતન ઉર્ફે રતો સહિતના શખસોએ મહેશભાઈ અને તેના બે કારીગરો ઉપર હુમલો કર્યો હતો. મારામારીમા કારખાનેદારનો મોબાઈલ પણ તોડી નાખ્યો હતો. બીડિવિઝન પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# રેલવે સેફ્ટીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ૬ કર્મચારીઓને કરાયા સન્માનિત



**મુખ્ય સમાચાર, મોરબી**

રાજકોટ ડિવિઝનના છ કર્મચારીઓને તાજેતરમાં રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમાર દ્વારા રેલવે સેફ્ટી માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડિસેમ્બર-૨૦૨૩ અને જાન્યુઆરી-૨૦૨૪ મહિનામાં રેલવે સેફ્ટી માં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ટ્રાફિક અને એંજીન્યરિંગ વિભાગ ના કર્મચારીઓને આ એવોર્ડ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓની વિગતો નીચે મુજબ છે: અભિષેક કુમાર (ગેટ મેન, ગેટ નંબર ૭૧), શ્રી છોટા લાલ કે (પોઈન્ટ્સ મેન, બાલા રોડ), અવિનાશ કુમાર (ગેટ મેન, ગેટ નં. ૧), શૈલેન્દ્ર કુમાર (ટ્રેન મેનેજર, હાપા), સંજય એસ (પોઈન્ટ્સ મેન, વવાણીયા) અને લલિત કિશોર (પોઈન્ટ્સ મેન, લીલાપુર). ઉપરોક્ત રેલવે કર્મચારીઓએ તકેદારી સાથે કામ કરીને, સંભવિત રેલવે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, જેમાં ટ્રેનોમાં સ્પાર્કિંગ નોટિસ કરવું, લટકતા ભાગો નોટિસ કરવા, રેલ ફ્રેક્ચર નોટિસ કરવું, વ્હીલ સ્કિડીંગ નોટિસ કારવું અને એડેપ્ટર ડિસલોકેશન નોટિસ કારવું વગેરે જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે. તેમની સતર્કતાને કારણે સંભવિત અકસ્માતો ટળી ગયા હતા.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર એન.આર.મીના, સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર શ્રી આર સી મીણા અને સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સંકલન) ઈન્દ્રજીત સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

# રૂપાલાના વિધાનોની આગ સમગ્ર સૌરાષ્ટ્રમાં પહોંચી

## પરષોત્તમ રૂપાલાએ માફી ફગાવતા અનેક સ્થળે દેખાવો: કરણી સેનાએ રાજકોટમાં ઉમેદવાર બદલવાની માંગ કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં રાજકોટમાં ભાજપના ઉમેદવાર પુરુષોતમ રૂપાલાએ વાલ્મીકી સમાજના એક કાર્યક્રમમાં અંગ્રેજ શાસન સામે મારો રૂખી સમાજ લડયો હતો પણ રાજવીઓ અંગ્રેજોને શરણે થયા હતા અને તેમની સાથે રોટી-બેટીનો વ્યવહાર કર્યો હતો તેવા કરેલા વિધાનોથી સૌરાષ્ટ્રમાં સમગ્ર ક્ષત્રિય સમુદાયમાં આગ લાગી છે

પુરુષોતમ રૂપાલાની માફીને પણ ફગાવીને અનેક દેખાવોમાં રાજકોટમાં ઉમેદવાર બદલવાની માંગ થઈ છે. આ ચુંટણીમાં ભાજપે ક્ષત્રિયોને એક પણ લોકસભા બેઠક પર ટિકીટ આપી નહી. ભાવનગરમાં ભૂતકાળમાં ક્ષત્રિય સમાજના અનેક અગ્રણીઓ જેમાં ભાજપના રાજેન્દ્રસિંહ રાણાનો પણ સમાવેશ થાય છે.

તેઓને બે-બે વખત સાંસદ અને પ્રદેશ પ્રમુખ બનાવ્યા હતા. આમ ભાવનગર એક બેઠક પર રાજકીય પક્ષો આ સમુદાયને ટિકીટ આપી શકે છે પરંતુ જે રીતે રૂપાલાના નિવેદનનામા તેની સામે રાજકોટ-સુરેન્દ્રનગરમાં વ્યાપક વિરોધ થયા છે

ડેમેજ કંટ્રોલમાં ભાજપના ક્ષત્રિય અગ્રણીઓએ પણ હાથ નાખવાની 'ના' કરી દીધી હોવાના સંકેત છે તથા ભાવનગર બેઠક જયાં ક્ષત્રિય સમુદાયની મોટી વસતિ છે ત્યાં પણ આ વિધાનોની અસર થઈ શકે છે.

# આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા હવે તા.૩૦મી સુધી ફોર્મ ભરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં આરટીઈ એક્ટ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪- ૨૫ના જૂન માસથી શરૂ થતાં નવા સત્ર અન્વયે ધો.૧માં વિનામૂલ્યે પ્રવેશ ફાળવવાની કાર્યવાહી અંતર્ગત ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો વધારીને તા.૩૦ સુધી કરવામાં આવ્યો છે. આરટીઈ એક્ટ-૨૦૦૯ હેઠળ વંચિત અને

નબળા જૂથના બાળકોને પણ ખાનગી શાળામાં અભ્યાસ માટે નિ:શુલ્ક પ્રવેશ મળે તે માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૧૪/૩ થી તા.૨૬/૩ દરમિયાન ઓનલાઈન અરજી કરવા માટે ૧૩ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. જેની મુદત મંગળવારે પૂર્ણ થઈ રહી હોય શિક્ષણ વિભાગ દ્વારા ફોર્મ ભરવાની પ્રક્રિયા લંબાવવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન જાહેર રજાના કારણે અરજદારોને આવકના દાખલા, જાતિના દાખલા વગેરે જેવા આધારો મેળવવા માટે વિલંબ થતો હોવાને કારણે સમય મર્યાદા વધારવા માટે અનેક રજૂઆતો થઈ હતી. જેને ધ્યાને લઈને આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાનો સમય તા.૩૦/૩/૨૦૨૪ રાત્રિના ૧૨ વાગ્યા સુધી લંબાવવામાં આવી છે. આથી તા. ૨૭/૦૩/૨૦૨૪ થી ૩૦/૦૩/૨૦૨૪ દરમિયાન પ્રવેશ મેળવવા ઈચ્છુક અરજદારો ઓનલાઈન વેબપોર્ટલ https://rte orpgujarat.com/ પર જઈ અરજી કરી શકાશે. તેવું રાજ્યના સંયુક્ત શિક્ષણ નિયામક દ્વારા પત્ર જાહેર કરવામાં આવ્યો છે.

# બાબરીયા કોલોનીના યુવાને માતાના વિયોગમાં કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ત્રણ મહિના અગાઉ કેન્સરની બીમારીથી માતાનું મોત થતાં તેના વિયોગમાં પુત્રએ પણ ઝેરી દવા પી મોત વ્હાલું કર્યું હતું.

આ અંગેની માહિતી મુજબ બાબરીયા કોલોનીમાં રહેતા મુસ્તાકભાઈ અલારખાભાઈ લીં ગડીયા (ઉ.વ. ૪૩) નામના યુવકે પુનિતના ટાકા પાસે આવેલી કુરિયરની ઓફિસમાં ઝેરી દવા પી લીધી હતી. જ્યાં યુવકની તબિયત લથડતાં તેને તાકીદે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત નીવડે તે પૂર્વે જ દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક યુવક પરણિત હતો અને તેને સંતાનમાં બે પુત્ર છે. યુવકના પિતાએ જણાવ્યા મુજબ, ત્રણેક મહિના અગાઉ યુવકની માતાનું કેન્સલની બીમારીથી મોત થયું હતું. જે બાદ તે ગુમસુમ રહેતો હતો. જેથી માતાના મોતના આઘાતમાં આ પગલું ભરી લીધું.

# શાપર વેરાવળમાં ધુળેટી રમતી વખતે ડીજે વગાડવા બાબતે મારામારી: બે યુવાન ઘવાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલા સાપર વેરાવળ માં પ્લાયવુડના કારખાનામાં કામ કરતો સુબોધ કુમાર બલેશ્વર યાદવ નમના યુવાને શાપરમાં રહેતો ઉમેશ રામપ્રસાદ ઉપાધ્યાય કનૈયા સુનિલ મંડળ દીપક નિરંજન મંડળ સહિત ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ધુળેટીના તહેવારમાં ડીજે વગાડી ધૂળેટીની ઉજવણી કરી રંગે રમતા હતા ત્યારે આ શખ્સોને સારું નહીં લાગતા ઝઘડો કરી લાકડાના ધોકા વડે સુબોધ કુમાર અને સાહેબ સંજય કુમાર પર હુમલો કરી માર મારી ઈજા કરી નાસી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે સાપર વેરાવળ પોલીસના પી.એસ.આઇ જીબી જાડેજાએ ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દારૂના કેસમાંથી છુટયા બાદ લુણકી ગામના યુવાનનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર, અમરેલી**

બાબરા તાલુકાના લુણકી ગામે દારૂ પીવાની ટેવના કારણે યુવાન ઉપર પોલીસ કેસ થયો હતો. ત્યારે છૂટયા પછી ઘરમાં હવે હું પાછો નહિ આવું તેમ કહીને ગયા બાદ યુવાનની લાશ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ અંગે ગોવિંદભાઈ ભલાભાઈ મકવાણા ઉ.વ.૬૫એ બાબરા પોલીસ મથકમાં જાહેર કરેલી વિગતો મુજબ સુરજ ઉર્ફે સુરેશભાઈ ગોવિંદભાઈ મકવાણા ઉ.વ.૨૮ રહે. લુણકીના લગ્ન થયેલ ન હોય અને તેને છેલ્લા સાત આઠ વર્ષથી દારૂ પીવાની કુટેવ હોય અને ગઈ તા.૧૯ના રોજ દારુ પીને ઘરે આવી તેમના પરીવારના લોકો સાથે માથાકુટ કરી હતી. દારૂ પીધેલ હાલતમાં તેમના ભાઈ દિપકભાઈને માર મારતા પોલીસે તેની વિરૂધ્ધ દારૂ પીધેલાનો કેસ કર્યો હતો. બીજા દિવસે જામીન ઉપરથી છુટી બપોરના દોઢેક વાગ્યે ઘરે જઈ કપડા બદલાવી અને બહાર જવાનું કહી રૂ.૫૦૦ આપવાનુ કહેતા ઘરેથી રૂ.૩૦૦ આપ્યા હતા. યુવાને પોતાના ભાઈ દિપકભાઈને કહેલ કે હવે મારી વાટ ન જોતા હું હવે ઘરે નહી આવુ તેમ કહી બપોરના ત્રણેક વાગ્યે ઘરેથી નિકળી ગયો હતો અને દારુ પીવાની ટેવ હોય જેથી મજુરીકામના પૈસા આવે તેનો દારૂ પી જતો હોય ઘરે એક રૂપિયો પણ આપતો નહોય અને પરીવારના લોકો કઈ કહે તો માથાકુટ કરતો હોય અને તેના લગ્ન પન થયેલ ન હોય અને સરખો કામ ધંધો કરતો ન હોય જેથી કંટાળી ઝેરી દવા પી લેતા લાશ મળી છે. તેમ છતા લાશનુ પી.એમ.થયે મોત બાબતે ચોક્કસ કારણ જાણી શકાય તેમ હોવાનું પોલીસે જણાવ્યું છે.

# મનપાના કર્મચારીની ઓળખ આપી અટીકાના કારખાનેદાર સાથે રૂા. ૭૭ હજારની ઠગાઈ

## ભેજાબાજ શખ્સોએ વોટસએપમાં બોગસ પહોંચ ધાબડી દેતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કારખાનેદારને અજાણ્યા શખ્સે મહાનગરપાલિકાનો કર્મચારી હોવાની ઓળખ આપી ખોટી વેરા પહોંચ આપી રૂ.૭૭,૦૦૦ પડાવી લીધા હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ શ્રદ્ધાનગરમાં રહેતા અને પરમેશ્વર અટીકા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં રાજહંસ ઈન્ડસ્ટ્રીઝના નામથી ઘરઘંટીનું કારખાનું ધરાવતા અરવિંદભાઈ ગોરધનભાઈ મોલીયાએ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ભકિતનગર પોલીસ મથકમાં એ મતલબની ફરિયાદ નોંધાવી છે કે તેમના કારખાને એક અજાણ્યો શખ્સ આવ્યો હતો અને તેને મહાનગરપાલિકાનો કર્મચારી હોવાની ઓળખ આપી રૂ.૧.૫૬ લાખ વેરો બાકી છે અને તમે ગત વર્ષે રૂ.૬૨,૭૦૦ વેરો ભર્યો છે અને હજુ તમારે ૮૦ હજાર વેરો ભરવાનો બાકી છે તેમ કહ્યું હતું અને હાલ વેરા માફીની સ્કીમ ચાલુ હોવાથી તમારે રૂ.૭૨,૭૭૮ નો વેરો ભરવો પડશે તેમ કહી રૂ. ૭૭,૦૦૦ પડાવ્યા હતા અને અજાણ્યા શખ્સે કારખાનેદાર અરવિંદભાઈ મોલીયાના મોબાઈલમાં પહોંચ વોટ્સએપ કરી હતી અને સાહેબ સાથે આવી જગ્યા માપી જશે અને ઓરીજનલ પહોંચ આપશે તેવું જણાવી અજાણ્યો શખ્સ જતો રહ્યો હતો બાદમાં જગ્યા માપણી માટે કોઈ સાહેબ કે અન્ય અધિકારી નહીં આવતા કારખાનેદારે તે નંબરનો સંપર્ક કરતા ફોન બંધ આવતો હતો જેથી કારખાનેદાર મહાનગરપાલિકાના વેરા વિભાગમાં પહોંચતા વોટ્સએપ કરેલી પહોંચ બોગસ હોવાનું જાણવા મળતા કારખાનેદારે અજાણ્યા શખ્સ વિરુદ્ધ છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી હતી પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા શખ્સની શોધખોળ હાથ ધરી છે.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

## ઈવનિંગ પોસ્ટમાં નવા સભ્યો થવા માટે ફોર્મ વિતરણ શરૂ કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૨૭/૦૩/૨૪બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકેમુકેશફેન ક્લબ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૨૯/૦૩/૨૪શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકેએક શામ આપકે નામ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૩૦/૦૩/૨૪શનિવાર ના રોજ ૫:૩૦ કલાકેસૂર સંગમ મ્યુઝીકલ ગુપદ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.તથા તા.૩૧/૦૩/૨૪ રવિવાર ના રોજ ૫:૩૦ કલાકે સુરસ્વર સાધનો મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છેજુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા,સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, મનસુખભાઈ વાવેચા, શાકીરભાઈ કુરેશી, સુરેશભાઈ વ્યાસ અને એચ.પી. પટેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

ઇવનિંગ પોસ્ટ માં નવા સભ્યો થવા માટે નો ફોર્મ વિતરણ ચાલુ થઇ ગયેલ છે. તા. ૧ માર્ચ થી ફોર્મ ભરવાનું ચાલુ થઇ જશે. ફોર્મ ભરવાનું અને ફોર્મ મેળવવાનું સ્થળ સિનિયર સિટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ (ચૌધરી હાઈસ્કૂલ પાસે, છઉ.ઈ. બેંક ની બાજુમાં મો.-૨૨૨૮૯૯૦) ફોર્મ ભરવાનો સમય સવારે ૯/૦૦ થી ૧૨/૦૦ અને સાંજે ૪/૦૦ થી ૭/૦૦ રહેશે.

# વાંકાનેરના મીલપ્લોટ ચોકમાંથી ઈંગ્લીશ દારૂની ૬ બોટલ સાથે એક શખ્સની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિત મુજબ વાંકાનેરના મીલ પ્લોટ ચોક રેલ્વે સ્ટેશન રોડ ઉપરથી વેચાણ કરવાના ઇરાદે ગેરકાયદેસર પાસ-પરમીટ કે આધાર વગર ઈંગ્લીશ દારૂની મેકડોવેલ્સ વ્હિસ્કીની શીલબંધ બોટલો નંગ-૦૬ કી.રૂ.૨૨૫૦/- ના મુદ્દામાલ સાથે પોલીસે આરોપી અશોકભાઇ હેમુભાઇ ચૌહાણ ઉવ.૪૬ રહે.વાંકાનેર મીલ પ્લોટ અમરપરા શેરી નં.૦૧ને ઝડપી લઇ વાંકાનેર સીટી પોલીસ મથકમાં પ્રોહી. હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ:બોરડી ગામ જવાના રસ્તે આખલો આડો ઉતારતા બાઈક સવારનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદથી બોરડી જવાના રસ્તે બાઈક લઈને જતા ખેત શ્રમિકના બાઈક આડે અચાનક આવેલ ખુંટીયા સાથે બાઈક અથડાતા બાઈક સવારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જે ઇજાને કારણે દોઢ મહિનાની લાંબી સારવાર બાદ ખેત શ્રમિકનું મોત નિપજતા હાલ હળવદ પોલીસે અ.મૃત્યુ અંગેની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મૂળ છોટાઉદેપુર જીલ્લાના ડુંગરપુર ગામના વતની હાલ હળવદના ઘનશ્યામગઢ ગામની સીમમાં કેતનભાઇ માવજીભાઇ સંઘાણીની વાડીયે રહેતા ખેત-શ્રમિક હિન્દુભાઇ પરશુભાઇ રાઠવા ઉવ.૩૨ ગત તા.૧૦ ફેબ્રુઆરીના રોજ સાંજના ૬ વાગ્યાના અરસામાં બાઈક રજી.જીજે-૩૪-એમ-૩૪૨૭ લઈને હળવદથી બોરડી ગામ જવાના રસ્તેથી પસાર થતા હોય ત્યારે અચાનક બાઈક આડે ખુંટીયો આવી જતા બાઈક ખુંટીયા સાથે અથડાયું હતું. જે બનાવમાં ખેત-શ્રમિક હિન્દુભાઇને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તેઓ સારવારમાં હોય ત્યારે તા.૨૬ માર્ચના બપોરના ૨ વાગ્યાના સુમારે હિન્દુભાઇનું મૃત્યુ નિપજતા સનગર બનાવ અંગે તેમની પત્ની શર્મિષ્ઠાબેન દ્વારા જાહેર કરેલ વિગતો અનુસાર હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગર પંથકમાં ૧૮ જુગારી ઝબ્બે: બે મહિલા સહિત ૬ ફરાર

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર શહેર, જુગાર અંગે જુદા જુદા ચાર સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં કુલ ૧૮ની અટકાયત થઇ હતી. જામનગરના દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૮માં ઘોડીપાસાથી જુગાર રમતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ૬ શખ્સોને ઝડપી લીધા હતા. જ્યારે ૪ શખ્સો નાસી ગયા હતા. ૧૮૭૭૦ની રોકડ રકમ કબ્જે કરી હતી. જયારે શાપર, કાલાવડના માછરડા સોસાયટી, બાલવા ગામ ખાતે જુગાર અંગે દરોડા પાડવામાં આવ્યા હતા.

સીટી-એ પીઆઇ એન.એ. ચાવડાની સુચનાથી પીએસઆઇ રાઠોડ સાથે સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે શહેરના દિ.પ્લોટ ૫૮ કેળાની વખાર પાસે હોળીની જુગાર રમતો હોવાની બાતમી સ્ટાફના યોગેન્દ્રસિંહ, વિજયભાઇ અને રવિભાઇને મળી હતી જેના આધારે પોલીસે દરોડો પાડતા ઘોડીપાસાનો જુગાર રમી રહેલા નયન હિંમત ગોરી, દિલીપ વિશનદાસ ગજરા, રમેશ ગોવિંદ ભોજાણી, સાગર ભરત કનખરા, રાહુલ ભરત કનખરા તથા પાર્થ ઉર્ફે જાબલી જીતેન્દ્ર કટીયારાને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારના સ્થળેથી ૧૮૭૭૦ની રોકડ રકમ કબ્જે કરી છે. જયારે પલુ ચીકુવાળો, રામુ ટમેટો, કેતુ અને દીપુ ઉર્ફે દીનો કપડાની દુકાનવાળો નામના ચાર શખ્સો પોલીસને જોઈને નાસી ગયા હતા.બીજા દરોડામાં શાપર શંકરટેકરી વિસ્તારમાં તિનપતીનો જુગાર રમતા વિનોદ મેપા ભાંભી, આમદ મામદ નાઇને રોકડા ૧૬૮૦ સાથે પકડી લીધા હતા, જયારે રોશનબેન બાઉદીન બેલીમ, ફાતમાબેન સુમાર નોતીયારને અટકાયતમાં લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત કાલાવડના માછરડા સોસાયટીમાં તિનપતીનો જુગાર રમતા પ્રફુલ ઉગા સોંદરવા, ડાયાલાલ કાનજી ચંદ્રપાલ, પ્રફુલ વસતા સોંદરવા, વિનોદ હીરા સોંદરવા, રતા નાથા સોંદરવાને પકડી પાડી ૧૦૨૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત જામજોધપુરના બાલવા ગામ ભુવા શેરીમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા દિલીપ છગન ચપલા, મુકેશ ભીખુ પરસાણીયા, નીતીન કાનજી ભુવા, શૈલેષ ગોરધન દેલવાડીયા, વિઠલ સામજી પરસાણીયા નામના શખ્સોને રોકડા ૬૨૬૦૦ અને ગંજીપતા સાથે દબોચી લીધા હતા.

# મોરબી ક્રાઇમ બ્રાંચ અને એસઓજી ટીમે અલગ અલગ ત્રણ દરોડામાં ત્રણ ઈસમોને હાથ બનાવટની દેશી બંદૂક સાથે ઝડપી લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર તેમજ પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ આગામી દિવસોમાં આવનાર લોકસભાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા શાંતી રીતે પૂર્ણ થાય તે અનુસંધાને ગેરકાયદેસર હથિયાર રાખતા ઇમસોને પકડી પાડવા ખાસ ઝુંબેશનુ આયોજન કરેલ હોય જે અન્વયે મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમ તેમજ એસઓજી પોલીસ ટીમના અલગ અલગ ત્રણ દરોડામાં વાંકાનેરમાંથી બે તથા ટંકારામાંથી એક એમ કુલ ત્રણ ઈસમોને ગેરકાયદેસર ત્રણ હાથ બનાવટની દેશી બંદૂક સાથે ઝડપી લેવામાં આવી ત્રણેય આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રથમ ક્રાઇમ બ્રાંચના દરોડામાં વાંકાનેર તાલુકાના ભલગામ ગામના બસ સ્ટેન્ડ નજીક રોડ ઉપરથી પૂર્વ બાતમીને આધારે આરોપી નેકમામાદ ઇબ્રાહીમભાઇ ભટ્ટી ઉવ.૬૬ રહે.વાંકાનેર મીલપ્લોટને દેશી હાથ બનાવટનો લોખંડના કટ્ટા(બંદૂક) કિ.રૂ.૫,૦૦૦/-સાથે ઝડપી લેવામાં આવી પકડાયેલ આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે લઇ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં હથિયારધારા હેઠળ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

જયારે ક્રાઇમ બ્રાંચ પોલીસના બીજા દરોડામાં ખાનગીરાહે મળેલ બાતમીને આધારે ટંકારા તાલુકાના ખીજડીયા ચોકડી ખાતે આવેલ સમા હોટલ પાસે રોડ ઉપરથી આરોપી રજાક ઉર્ફે કલો હસનભાઈ મકવાણા ઉવ.૩૭ રહે.ટંકારા પીડબલ્યુડી ના બાંગ્લા પાછળને દેશી હાથ બનાવટની લોખંડની મેગ્જીનવાળી પિસ્તોલ કિ.રૂ.૧૦,૦૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે દરોડામાં પકડાયેલ આરોપીને હસ્તગત કરી તેની વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

જયારે ગેરકાયદેસર હથિયારના ત્રીજા દરોડામાં મોરબી એસઓજી પોલીસ ટીમના હેડ કોન્સે. જુવાનસિંહ રાણા, મુકેશભાઈ જોગરાજીયા તથા આસીફભાઇ રાઉમાને સંયુક્તમાં મળેલ બાતમીને આધારે વાંકાનેર તાલુકાના ઢૂવા રોડ ઉપર આવેલ ઇટાલીકા કારખાનાની નજીકથી આરોપી સમીર ખમીશાભાઈ કાતીયાર ઉવ.૩૦ રહે. રાજકોટ ભગવતીપરા જયપ્રકાશનગરને ગેરકાયદેસર દેશી હાથ બનાવટની પિસ્તોલ જેની કી.રૂ.૧૦,૦૦૦/-સાથે મળી આવતા તેને દબોચી લઇ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# જૂનાગઢમાં નકલી ફાયર એનઓસી આપનાર મનપાના બે કર્મીની ધરપકડ

## ચીફ ફાયર ઓફિસરની બંને શખ્સોએ ડુપ્લીકેટ સહી કરી એનઓસી આપી દીધુ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ મહાપાલિકાની ફાયર શાખામાં પૂર્વ કર્મચારીએ ચીફ ફાયર ઓફિસરની જાતે સહી કરીને બોગસ એનઓસી તૈયાર કરીને એક બિલ્ડીંગ માટે ઉપયોગમાં લેવામાં આવી હોવાનું કૌભાંડ સામે આવતા ફાયર શાખાના બે કર્મચારી સામે પોલીસમાં ફરિયાદ નોધાવવામાં આવી હતી, જે મામલે બને આરોપીની પોલીસે ધરપકડ કરીને જેલહવાલે કરવામાં આવ્યા છે.

ફાયર શાખાના ચીફ ફાયર ઓફિસર દીપકકુમાર જાનીએ પોલીસ મથકમાં ફાયર શાખામાં અગાઉ આઉટ સોર્સથી ફરજ બજાવતા અને કોમ્પ્યુટરનું કામ કરતા



સુજલ પોમલ અને મનપાના ફાયર શાખાના કર્મચારી ગૌતમ બાંભરોલીયા સામે ફરિયાદ નોધાવી હતી, વર્ષ ૨૦૨૨ માં ઓગસ્ટ મહિનામાં ચોબારી રોડ પર આવેલી મિત ઈન્ફા દ્વારા બિલ્ડીંગ બનાવવા માટે મનપાની ફાયર શાખામાં પ્રિ.એનઓસી માટે અરજી કરી હતી, જેને બોગસ એનઓસી ઈસ્યુ કરવાનો મામલો સામે આવ્યો હતો.

તપાસમાં ફાયર શાખામાં અગાઉ કોમ્પ્યુટર કામ કરતા આઉટ સોર્સના કર્મચારી સુજલ પોમલે મોકલી હોવાનું જણાવ્યું હતું. જેથી ફલિત થયું કે, સુજલે મિત ઈન્ફાને ખોટી રીતે લાભ અપાવવા માટે તેના નકશા પરનો અભિપ્રાય ફાયર શાખા દ્વારા આપવામાં આવ્યો હતો તેવુ દર્શાવ્યું હતું. અને તેમાં કોઇપણ રીતે કોમ્પ્યુટર દ્વારા ચીફ ફાયર ઓફિસરની સહી કોપી કરીને બોગસ એનઓસી તૈયાર કરીને તેને ખરા તરીકે ઉપયોગ માટે મોકલી હોવાનું સામે આવ્યું હતું. પોલીસ ફરિયાદ થતા પોલીસે બને આરોપીની ધરપકડ કરી હતી, જેમાં મુખ્ય આરોપી સુજલ પોમેલ એક દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો, અને બાદમાં વારાફરતી બને આરોપીને કોર્ટમાં રજુ કરતા બનેને જેલહવાલે કરવાનો કોર્ટે હુકમ કર્યો છે.

# મોરબી એલસીબી પીઆઈ ઢોલ અને તાલુકા પીઆઈ વાળા સસ્પેન્ડઃ ચકચાર

## રૂા.૧.૫૧ કરોડનો દારૂ સ્ટેટ મોનીટરીંગ સેલએ પકડયા બાદ રેન્જ આઈજી કાર્યવાહી હાથ ધરીઃ પોલીસ બેડામાં ફફડાટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે માહિતીના આધારે વાંકાનેર હાઈવે ઉપર ગોડાઉનમાં દરોડો પાડી ૧.૫૧ કરોડની કિમતના વિદેશી દારૂ સાથે ૧૦ શખસોની ધરપકડ કરી હતી અને ૨.૨૧ કરોડનો મુદ્દામાલ કબજે કરી તપાસ કરતા સાત માસથી વિદેશી દારૂનો ધંધો થતો હોવાનું બહાર આવતા રેન્જ આઈજીએ તપાસના આધારે એલસીબી પીઆઈ અને તાલુકા પીઆઈને સસ્પેન્ડ કરવાનો હુકમ કરતા પોલીસ બેડામાં ફફડાટ ફેલાયો છે.

આ અંગેની માહિરતી મુજબ મોરબી જીલ્લાના વાંકાનેર હાઈવે ઉપર આવેલ લાલપર ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં શ્રીરામ નામના ગોડાઉનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડયો હોવાની માહિતીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી ૧૦ શખસોને ઝડપી લઈ તેની પાસેથી ૧.૫૧ કરોડની કિંમતનો ૬૧,૧૫૨ બોટલ વિદેશી દારૂ, અઢી લાખની રોકડ, ૧૦ વાહન, ૭ મોબાઈલ કબજે કરી તપાસ કરતા ગોડાઉન ભાડે રાખી સાત માસથી વિદેશી દારૂનો ધંધો ચાલતો હોવાનું બહાર આવતા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા દરમિયાન સ્થાનિક પોલીસની બેદરકારી સામે આવી હોય રેન્જ આઈજી અશોક યાદવએ એલસીબી પીઆઈ દીપક ઢોલ અને તાલુકા પીઆઈ ખુમાનસિહ વાળાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કરતા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.

મોરબી જીલ્લામાંથી આજુબાજુના ગામોમાં દારૂ સપ્લાય કરવામાં આવતો હતો જો કે અમદાવાદનો સુત્રધાર જીમિત શંકરભાઈ પટેલ, ભરત મારવાડી, ઉમેશ બેનીવાલ, મેહુલ, રાજુ સહીત ૧૧ શખસો હજુ પણ ફરાર હોય આ દારૂ પ્રકરણમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે.



પી.આઇ. ડી.એમ.ઢોલ



પીઆઇ કે.એ.વાળા

# તાલાલા પંથકના ફાર્મ હાઉસમાં ચેકિંગ કરી તોડ કરતી નકલી પોલીસ ઝડપાઈ

## અસલી પોલીસે બે શખ્સોને દબોચી લઈ રોકડા રૂા.૧૦ હજાર, લાકડી અને છરી સહિતનો મુદ્દામાલ

**મુખ્ય સમાચાર, તાલાલા**

તાલાલા તાલુકાના વિરપુર ગીર ગામ પાસે આવેલ ધ્યાન ફાર્મ હાઉસ સહિત ત્રણ ફાર્મ હાઉસમાં નકલી પોલીસ બની ફાર્મ હાઉસ સીલ કરાવી દેવાની ધમકી આપી ઉઘરાણા કરતા વીરપુર ગીર ગામના બે શખ્સોને પી. એસ.આઈ આકાશસિંહ સિંધવે ઝડપી લેતા તાલાલા પંથકમાં ભારે ચકચાર ફેલાયેલ છે.

આ અંગેની માહિતી મુજબ તાલાલા તાલુકાના વિરપુર ગીર ગામના ભરત મહીધરભાઈ રવૈયા તથા લાલજી ભગવાનજી ચૌહાણ રે.બંને વિરપુર ગીર બંને શખ્સો મોટરસાયકલ લઈ નકલી



પોલીસ બની ગત મોડી રાત્રે વિરપુર ગીર ગામ પાસેના ધ્યાન ફાર્મ હાઉસમાં ચેકિંગ કરી ફાર્મ હાઉસ સિલ કરાવી દેવાની ધમકી આપી ફાર્મ હાઉસ સંચાલક પાસેથી રૂ.૧૦ હજાર પડાવી બીજા બે ફાર્મ હાઉસ તરફ ગયા હતા. આ દરમિયાન બંને શખ્સો અસલી પોલીસ નથી નકલી પોલીસ હોવાનું લાગતા તુરંત પોલીસને જાણ કરતા પી. એસ.આઈ આકાશસિંહ સિંધવ સ્ટાફ સાથે નકલી પોલીસ નું પગેરું દબાવી વધુ ઉઘરાણા કરે તે પહેલા ઝડપી લીધા હતા.પોલીસે મોટર સાયકલ, દશ હજાર રોકડા,પોલીસ જેવી લાકડી તથા છરી સાથે કુલ રૂ.૬૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસે ગુનો દાખલ કરી બંને નકલી પોલીસ ની ધરપકડ કરી પી.એસ.આઈ.એ વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવે તાલાલા પંથકમાં ભારે ચકચાર જગાવી છે.

# પુજારા પ્લોટમાં આશાસ્પદ વિપ્ર યુવાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## મોરબી રોડ પર રહેતા બાવાજી યુવાને રેલનગરમાં ઝેરી દવા ખાઈ લેતા સારવારમાં મોતઃ ભાવનગર રોડ પર પટેલ વાડી પાસે રિક્ષામાંથી નીચે પડી જતા ગવાયેલા વૃદ્ધે હોસ્પિટલના બીછાને દમ તોડયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે પોલીસ ચોપડે ત્રણ અપમૃત્યુના બનાવો નોંધાયા હતા જેમાં પુજારા પ્લોટ માં યુવાને આપઘાત કરી લેતા અને મોરબી રોડના બાવાજી યુવાને રેલ નગરમાં જેરી ટીકડા ખાઈ લેતા તથા ભાવનગર રોડ પર રિક્ષામાંથી પડી જતા ઘવાયેલ વૃદ્ધનું મોત થયું હોવાનું ચોપડે નોંધાયું છે.

પ્રથમ બનાવમાં પુજારા પ્લોટ શેરી નંબર આઠમાં આવેલ પ્રેસીએસ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર ૨૦૧ માં રહેતો સુરજ મનીષભાઈ જોશી નામના ૨૦ વર્ષના વિપ્ર યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા ૧૦૮ ને જાણ કરવામાં આવતા એએમટી દીપકભાઈ સહિતનો કાફલો દોડી જઈ યુવાનને જોઈ તપાસી મૃતક જાહેર કરી ભક્તિનગર પોલીસને જાણ કરતા પીએસઆઇ પીએસ ગોહિલ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

જ્યારે બીજા બનાવવામાં મોરબી રોડ પર ન્યુ જલારામ સોસાયટી ૪૦ ફૂટ મેન રોડ પર રહેતો રોહિત જીતુભાઈ નિમાવત નામના ૨૪ વર્ષીય યુવાન ગઈકાલે રેલનગરમાં આવેલી છત્રપતિ શિવાજી ટાઉનશીપ માં હતો ત્યારે કોઈ કારણોસર ઘુમા નાખવાનો પાવડર ખાઈ લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું તબીબો એ જાહેર કરતા બનાવ અંગેની જાણ પ્રધુમન નગર પોલીસ મથકે કરવામાં આવતા એએસઆઈ એ આર વરુ પીએ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી જ્યારે અન્ય બનાવમાં રામનાથ પરા ગરબીચોક ખોજા શેરીમાં રહેતા પ્રમોદભાઈ બાબુભાઈ સોલંકી નામના વૃદ્ધ એક રિક્ષામાં બેસી ભાવનગર રોડ પર જતા હતા ત્યારે પટેલ વાડી સામે પહોંચતા વૃદ્ધ કોઈ કારણોસર રિક્ષામાંથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજા થતાં સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું બનાવની જાણ બી ડિવિઝન પોલીસને કરવામાં આવતા એએસઆઈ કેસી સોઢા સહિતના સાથે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# બાઈક પર તલવાર અને ધોકા સાથે નિકળેલા સાળા-બનેવીને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

## પત્ની અન્ય યુવક સાથે ભાગી જતાં તેને લેવા માટે હથિયારો સાથે બાઈક પર નીકળતા પોલીસની ઝપટે ચડયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર માધાપર નજીક તલવાર અને ધોકા સાથે બાઈકમાં નીકળેલા બે શખ્સોનો વિડીયો વાયરલ થતાં હરકતમાં આવેલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે સાળા-બનેવીની ધરપકડ કરી માફી મંગાવતો વિડીયો બનાવડાવી કાયદાનું ભાન કરાવ્યું હતું.

બે શખ્સો બાઇકમાં એક છોકરીને વચ્ચે બેસાડી હાથમા ધોકો અને તલવાર લઇ જામનગર રોડ તરફ





જાય છે તેવો એક વીડીયો સોશિયલ મીડીયામાં વાયરલ થયેલ હોય જે વીડીયો સ્ટાફ પાસે આવતાં બાઈક અને તેમાં સવાર શખ્સો અંગે તપાસમાં હતાં.

દરમિયાન તે બાઈક માધાપર હતી. ગામ મેઈન રોડ પરથી આવતા તેને રોકી બાઈકમાં પાછળ બેસેલ શખ્સ પાસે હાથમા ધોકો અને નેફામાં તલવાર હોય જેથી તેનું નામ પૂછતાં ભાવેશ મનસુખ વસોયા પટેલ તેમજ અન્ય શખ્સનું નામ પૂછતાં સુનીલસિંગ ભીમસિંગ પરીહાર નેપાળી તેમના હાથમાં પણ એક ધોકો અને પેન્ટના નેફામા એક તલવાર મળી કુલ રૂ.૬૦૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બંને શખ્સોની ધરપકડ કરી હવે ફરીવાર ક્યારેય હથિયાર સાથે નિકલશું નહીં તેવું કહી બે હાથ જોડી માફી માંગી દરમિયાન ૧૫ દિવસ પહેલાં ભાવેશની પત્ની ભક્તિનગર વિસ્તારમાં રહેતાં કોઈ યુવક સાથે ભાગી ગઈ હતી.

જેથી ગઈકાલે સાળો-બનેવી તેને લેવા માટે હથિયાર સાથે ત્યાં ઘસી ગયાં હતાં અને સામાન્ય બોલાચાલી કરી ભાવેશ તેની પત્નીને લઈ બાઈકમાં વચ્ચે બેસાડી લઈ પરત ફરતાં હતાં ત્યારે વિડીયો વાયરલ થયો હતો.

# માનસિક અસ્વસ્થ પરિણીતાનું પરિવાર સાથે મિલન કરાવતી અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા. ૨૪/૦૩/૨૦૨૪ ના રાત્રિના ૧૧ એક વાગ્યે જાગૃત નાગરિક દ્વારા અમદાવાદ હાઇવે પર થી૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પર કોલ આવેલ અમારા ગામ માં એક અજાણ્યા મહિલા બપોર ના ફરે છે નામ કે કંઈ માહિતી આપતા નથી ૧૮૧ વાન મદદે મોકલો ૧૮૧ બી.ડિવિઝન પો. સ્ટે. લોકેશન ટીમ ના કાઉન્સેલર કૃપાલીબેન ત્રિવેદી, મહિલા કોન્સ્ટેબલ સંગીતાબેન પંડ્યા તથા પાયલોટ શ્યામભાઈ ટીમ સાથે પહોંચેલ ગામ સરપંચ સાથે સમસ્યાની ચર્ચા કરતા તેઓ એ જણાવેલ એમને નામ અને ગામ અલગ અલગ કીધા કરે છે ત્યારબાદ પીડિતા ને મળી તેમનું કાઉંસેલીગ કરતા એક જ વાત કર્યા કરતા હોય માનતા ચડાવવા આવ્યા છીએ, ત્યારબાદ થોડો સમય વાતચીત કરતા ખુદ નું નામ, પતિનું નામ અને ગામ નું સરનામું આપ્યું ને ફરી ફરતું ફરતું બોલવા



લાગ્યા તેથી ૧૮૧ ટીમ દ્વારા પીડિતા ના ઘર ની ખરાઈ માટે તથા ગુમ અંગે ની પો.સ્ટે માં જાણ છે કે નહિ તેના માટે જી. સુરેન્દ્રનગર તા. ચોટીલા ના નાની મોલડી પોલીસ સ્ટેશન ના થાણા ઇન્ચાર્જ તથા બીટ જમાદાર નો ટેલીફોનીક સંપર્ક કરી વોટ્સેપ ના માધ્યમ થી પીડિતા ની તસ્વીર મોકલતા પીડિતા નાની મોલડી પો.સ્ટે. વિસ્તાર નાજ રહેવાસી છે ને તેમના પતિ નો સંપર્ક કરેલ પતિ ને ઘટના સ્થળ પર બોલાવી સમસ્યા અંગે ચર્ચા કરતા તેઓ એ જણાવેલ ગઈ કાલ નીકળી ગયેલ જાણ કર્યા વગર અમો શોધતા હોય પીડિતા માનસિક અસ્વસ્થ છે જેથી નીકળી જાય છે બાળકો પણ રાહ જોવે છે ત્યાર યોગ્ય સારવાર કરાવવા સલાહ તથા માર્ગદર્શન આપી માનસિક અસ્વસ્થ પીડિતા ને પતિ ને સહિ સલામત સોંપેલ. પીડાતા ના પતિ તથા ગામ સરપંચ શ્રી એ ટીમ અભયમ નો ખુબ આભાર વ્યક્ત કર્યો હતો

# જાફરાબાદમાં દિવાલ ધરાશાયી થતાં ૨ના મોતઃ ચારને ઈજા

## પોલીસે જેસીબી મારફત કાટમાળ ખસેડી લોકોને બહાર કાઢયા, ચાર ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

**મુખ્ય સમાચાર, અમરેલી**

જાફરાબાદ શહેરમાં વર્ષો જૂના જર્જરીત મકાનની દિવાલ પાસે એક ચા ની લારી આવેલી છે. જે ચાની લારીએ સવારના સમયે અમુક લોકો ચા નાસ્તો કરવા ગયા હતા. ત્યારે એકાએક જર્જરીત મકાનની દિવાલ ધરાસાયી થતાં ચા પાણી નાસ્તો કરી રહેલા છ થી સાત જેટલા લોકો આ દીવાલના કાટમાળ નીચે દટાઈ ગયા હતા. જેથી તુરંત સ્થાનિક લોકોએ બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમાં ૬ ઇજાગ્રસ્તો બહાર આવતા તમામને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડયા હતા જેમાંથી બે ના મોત નીપજ્યા હતા જ્યારે અન્ય ચાર ઇજાગ્રતોને મહુવા ભાવનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જાફરાબાદના ગિરિરાજ ચોકમાં એસબીઆઈ બેંકનું જર્જરિત મકાન હતું. તેની નીચે પાવભાજીની લારી હોવાથી લોકો ચા-પાણી અને નાસ્તો કરી રહ્યા





હતા. તે સમયે અચાનક રોડ સાઈડની જર્જરિત દીવાલ ઘસી પડતા નીચે ચા-પાણી નાસ્તો કરી રહેલા લોકો દબાયા હતા. ઘટનાને લઈ ભાગદોડ મચી ગઈ હતી. તેમજ લોકોના ટોળે ટોળા એકત્ર થયા હતા. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી આવી હતી અને સ્થાનિકોની મદદથી કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યાં હતા. આ ઘટનામાં સોલંકી સુરેશભાઈ નાનજીભાઈ અને મકવાણા આતુભાઈ ચિનુભાઈના મોત થયા છે. જ્યારે મકવાણા ભુપતભાઈ કાળુભાઈ, બાબુભાઈ બચુભાઈ સોલંકી, રોનકભાઈ ભગુભાઈ બાભણીયા અને ભગુભાઈ સોમાભાઈ બારૈયાને ઇજા થતાં એમ્બ્યુલન્સને તાત્કાલિક બોલાવી પ્રથમ જાફરાબાદ અને ત્યારબાદ વધુ સારવાર માટે મહુવા અને ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. આ ઘટનામાં બે લોકોના મોત થતાં અકસ્માતે સર્જાયેલી ઘટનાને લઈ સમગ્ર શહેરમાં શોકમય માહોલ સર્જાયો છે. ઉપરના માળેથી નીચે કાટમાળ પડતા લોકો રીતસર દબાયા હતા અને મોટી સંખ્યામાં શહેરના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. બાંધકામ વર્ષો જૂનું હતું. અહીં પહેલા એસબીઆઈ બેન્ક ચાલતી હતી, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી આ મકાન બંધ હાલતમાં હતું. હાલ અકસ્માત સર્જાતાં થોડીવાર લોકોમાં ભાગદોડ મચી હતી.

# ચુનારાવાડમાં પતિ પત્ની વચ્ચે ઝઘડો થતાં બંનેએ ફીનાઈલ પીધુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ચુનારાવાડ વિસ્તારમાં રહેતા દંપતી વચ્ચે નજીવા પ્રશ્ને બોલાચાલી થઈ હતી દંપતીએ ઝઘડો કર્યા બાદ સજોડે ફીનાઈલ પી લેતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ ચુનારાવાડ વિસ્તારમાં રહેતા રાજુ ભીમજીભાઈ અઘોલા (ઉ.વ.૩૮) અને તેની પત્ની હંસાબેન રાજુભાઈ અઘોલા (ઉ.વ.૩૫) પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના બારેક વાગ્યાના અરસામાં દંપતિ વચ્ચે ઝઘડો થતાં દંપતીએ સજોડે ફીનાઇલ પી લીધું હતું. દંપતીને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# જમાઈના ઘરે આવેલી મહિલાનું રૂા.૧.૧૮ લાખની મતા ભરેલા પર્સની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જમાઈને ત્યાં આવેલ અમદાવાદની મહિલા મવડી રોડ પર હોળીની સાંજે શાકભાજી ખરીદી કરવા ગયા ત્યારે રૂ.૧.૧૮ લાખની દાગીના અને રોડક ભરેલું પર્સ કોઈ ચોરી ગયું હતું.

આ મામલે અમદાવાદના બોપલમાં સ્વસ્તીક ગ્રીન્સ સાઉથ બી-બ્લોક નં. ૧૦૦૧માં રહેતાં ગૃહિણી જયશ્રીબેન દિનેશભાઈ જીઠરા (ઉ.વ.૫૨)ની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસએ ચોરીને ગુનો નોંધ્યો છે. જયશ્રીબેનેના પતિ બે વર્ષ પહેલા અવસાન પામ્યા છે અને પુત્રી નીધી રાજકોટ વૃજભુમિ-૩૦૩, કલ્પવન ખાતે પતિ ચિંતન રતીલાલ રામાણીને ત્યાં સાસરે છે. જમાઈ ચિતનને અમદાવાદ નોકરી કરે છે. હોળી અને ધૂળેટીના તહેવારની રજામાં તેઓ રાજકોટ દીકરી અને જમાઈ તેમજ બહેને મળવા આવ્યા હતા. ગોંડલ ઠાકોરજીની હવેલી ખાતે દર્શન કરી દિકરીના ઘરેથી બહેનના ઘરે જવા નીકળ્યા બાદ મવડી ચોકડીએ રિક્ષામાંથી શાકભાજી ખરીદી કરી તેમના બેગમાંથી મોબાઈલ કાઢવા જતાં પર્સ જોવા મળ્યું નોહતું. જેમાં મોબાઈલ ફોન, સોનાની ચેઈન રોકડા એક હજાર સહિત રૂ.૧.૧૮ લાખની મતા હતી જે કોઈ ચોરી જતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# જડેશ્વર સોસાયટીના બંધ મકાનમાંથી રૂા.૬૩ હજારની મતાની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખોખડદળ નદીના પુલ પાસે વેલનાથપરાની બાજુમાં જડેશ્વર સોસાયટીમાં શેરી નં. ૧માં રહેતા રોહીતભાઈ જીણાભાઈ ધોળકીયાના સવારથી સાંજ સુધી બંધ મકાનમાં થયેલી રૂ.૬૩ હજારની ચોરીનો ભેદ આજીડેમ પોલીસે ઉકેલી નાખી રીઢા તસ્કર રાજા પ્રદિપસિંહ શાહ (ઉ.વ.૨૨)ને પકડી લીધો હતો. બેકાર બનેલા રાજાએ આર્થિક તંગી દૂર કરવા ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું.



રોહીતભાઈ જીણાભાઇ ધોળકીયાએ ગત તા ૨૭/૨ના રોજ પોતે પરિવાર સાથે ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર ખોડીયારપરામાં રહેતા કાકાના દીકરા મયુર દિનેશભાઈ ધોળકીયાના લગ્નમાં ગયા હતા. બાદ સાંજે લગ્નમાંથી પરત આવતા દરવાજાનું તાળુ તેટલુ હતું. રૂમમાં સામાન વેરવિખેર હતો અને કબાટ ખુલ્લો અને તિજોરી તુટેલી હતી જેમાં રાખેલ રૂા.૬૩૦૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી થયા હોય આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. પી.આઈ. એ.બી.જાડેજા સહિતના સ્ટાફે સી.સી.ટી. વી. ફુટેજના આધારે તપાસ કરતાં ચોરીને ભેદ ઉકેલાઈ ગયો હતો. ચોરમાં સંડોવાયેલ વેલનાથના રાજા પ્રદિપસિંહ શાહ (ઉ.વ. ૨૨)ની ધરપકડ કરી હતી. પકાયેલ રાજા અગાઉ પણ બે ચોરીમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. આર્થિક તંગી દૂર કરવા ચોરી કર્યાની કબૂલાત આપી હતી. પી.આઈ. એ.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એ. જે. પરમાર, એ.એસ.આઈ. હારૂનભાઈ ચાનીયા, રવિભાઈ વાંક, વિરેન્દ્રસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા, ગોપાલભાઈ બોળીયા સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# ધોરાજીમાં જુગાર ક્લબ ઝડપાઈઃ રૂા.૩.૩૪ લાખના મુદ્દામાલ સાથે ૧૧ શખ્સોની ધરપકડ

## વીરપુરમાં સ્ટ્રીટ લાઇટ ના અજવાળે જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ, બે ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

ધોરાજીમાં સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી રાજકોટ રૂરલ એલસીબી ની ટીમે દરોડો ઉપાડી વિધર્મી સક્ષના મકાનમાં ચાલતી જુગાર ક્લબ ઝડપી લઇ ૧૧ શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૩.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલા એક શખ્સની શોધખોળ આદરી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ધોરાજીમાં મોરી મસ્જિદ પાસે રહેતો મોહસીન ઈબ્રાહીમ ખલીવાલા નામનો વિધર્મી પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પૂરા પાડી જુગારની ક્લબ ચલાવતો હોવાની હકીકત રાજકોટ રૂરલ એલસીબીની ટીમને મળતા પીઆઇ વિવિ ઓડેદરા ની સૂચનાથી પીએસઆઇ એચસી ગોહિલ ડીજે વડવા



એ સાહેબ બાલમુકુંદભાઈ સહિત ના સ્ટાફે ધોરાજી સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી ઉપરોક્ત સ્થળે દોરડો પાડતા જુગાર રમતો સલીમ વલી શેખ લતીફ અબ્બાસ ચકાલી વસીમ વલી શેખ આમિર સલીમ કાચી મહમદ નદીમ હનીફ ગરાણા ફારૂક બોદુ મલેક અનવર ઓસમાણ કોરાણી ઇમરાન ઈબ્રાહીમ નોટીયાર કરણ વાલજી પરમાર તોફિક ફટેલ ચામડિયા સહિત ૧૧ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧.૮૩ લાખ નવ મોબાઈલ કિંમત રૂપિયા ૧.૫૦ લાખ સહિત કુલ રૂપિયા ૩.૩૪ લાખનો મુદ્દા માલ કબજે કરી જુગારની ક્લબ ચલાવતો મોહસીન ઈબ્રાહીમ કલીવાલા ની શોધખોળ શરૂ કરી છે. જ્યારે અન્ય એક બનાવમાં વીરપુર પોલીસના હેડ કોન્સ્ટેબલ જીબી બગડા સહિતના સ્ટાફે ભોલેશ્વર ના દોડ જલારામ સ્ટોર નામની દુકાન પાસે રાત્રિના ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં જુગાર રમતો અર્જુનગીરી એ અશોકગીરી ગોસ્વામી ગોવિંદ રાજુ સિર્શાદ વિશાલ રમેશ ગોહેલ કિશોર ઉર્ફે કિશન હરેશ ચાવડા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રોકડા રૂપિયા ૪૯૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો જ્યારે નાસી ગયેલો વિજય શોમાં મકવાણા પરસોતમેલજી મકવાણા મૂળજી ગીગા મકવાણા ની શોધ કોણે આદરી છે.